RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 247* Date: 04.07.2022 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# શિંદેનો પ્રથમ વિજય : ભાજપના ધારાસભ્ય રાહુલ નાર્વેકર મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર બન્યા

**નાર્વેકરની તરફેણમાં ૧૬૪ મત પડ્યા હતા. રાહુલ નાર્વેકરે વિપક્ષના ઉમેદવાર રાજન સાલ્વીને હરાવ્યા**



મુંબઈ,તા.૩

મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણીમાં ભાજપ અને સીએમ એકનાથ શિંદે જૂથના ઉમેદવાર રાહુલ નાર્વેકરે જીત મેળવી છે. વિધાનસભામાં મત ગણતરીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પરિણામમાં રાહુલ નાર્વેકરને બહુમતીનો આંકડો મળ્યો છે. રાહુલ નાર્વેકરની તરફેણમાં ૧૬૪ મત પડ્યા હતા. રાહુલ નાર્વેકરે વિપક્ષના ઉમેદવાર રાજન સાલ્વીને હરાવ્યા છે. રાજન સાલ્વી બહુમતીના આંકડા સુધી પણ પહોંચી શક્યા નથી. જો કે પહેલાથી જ એવી ધારણા હતી કે મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણીમાં રાહુલ નાર્વેકર જીતશે. આંકડા તેમની તરફેણમાં હતા. જણાવી દઈએ કે ગત મહાવિકાસ અઘાડી સરકારમાં કોંગ્રેસના નેતા નાના પટોલેના રાજીનામા બાદ ફેબ્રુઆરી ૨૦૨૧થી મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષનું પદ ખાલી હતું. મહારાષ્ટ્રમાં સરકાર બદલાયા બાદ એકનાથ શિંદેએ મુખ્યમંત્રી પદના શપથ લીધા છે. આજથી વિધાનસભાનું સત્ર શરૂ થયું છે. વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી બાદ હવે સોમવારે ફ્લોર ટેસ્ટ યોજાનાર છે.મહારાષ્ટ્ર વિધાનસભામાં જ્યારે સ્પીકરને લઈને મતદાન થયું હતું ભાજપના રાહુલ નાર્વેકરે કુલ ૧૬૪ વોટ મેળવીને જીત્યા હતા. તેમને બહુમત માટે ૧૪૪ વોટની જરૂર હતી. બીજી તરફ એમવીએ તરફથી નામાંકિત રાજન સાલ્વીને કુલ ૧૦૭ મત મળ્યા હતા. ખાસ વાત એ છે કે ભાજપના ઉમેદવારને પણ એમએનએસ વતી વોટ આપવામાં આવ્યો હતો. જ્યારે, સપાના બે ધારાસભ્યો અને એઆઈએમઆઈએમના ધારાસભ્યોએ મતદાન કરવાનો ઈનકાર કર્યો હતો. સીપીઆઈ ધારાસભ્ય વિનોદ નિકોલેના એમવીએની તરફેણમાં મતદાન કર્યું. સ્પીકર ચૂંટણીમાં વોટિંગથી સમાજવાદી પાર્ટી અલગ રહી હતી, તેઓએ વોટિંગ કર્યું નહોતું. સપાના બે ધારાસભ્યોએ કોઈને વોટ આપ્યો નહોતો.

એકનાથ શિંદે જૂથે શિવસેનાને સંપૂર્ણપણે કબજે કરી લીધી છે. વિધાનસભામાં શિવસેનાની ઓફિસને પણ સીલ કરી દેવામાં આવી છે. વિધાનસભાના અધિકારીઓનું કહેવું છે કે શિંદે જૂથને આ ઓફિસ સીલ કરવા માટે કહેવામાં આવ્યું છે. શિવસેનાના એકનાથ શિંદ જૂથે વ્હીપ જાહેર કરીને ભાજપ અને સેનાના ઉમેદવાર રાહુલ નાર્વેકરને પ્રમુખ પદ માટે મત આપવાનો આદેશ આપ્યો છે. જ્યારે શિવસેના દ્વારા પહેલા જ વ્હીપ જાહેર કરવામાં આવ્યું છે. કારણ કે શિવસેનાના બળવાખોર ધારાસભ્યો અત્યાર સુધી અન્ય કોઈ પાર્ટીમાં જોડાયા નથી, તેથી તેઓ આ વ્હીપના દાયરામાં આવે છે. ગઈકાલે જ શિવસેનાએ વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી માટે વ્હીપ જાહેર કર્યો હતો, જેમાં શિવસેના અને મહાવિકાસ અઘાડીના તમામ ધારાસભ્યોને રાજન સાલ્વીને મત આપવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

તમને જણાવી દઈએ કે રાહુલ નાર્વેકર મુંબઈની કોલાબા વિધાનસભાથી ભાજપના ધારાસભ્ય છે. વર્ષ ૨૦૧૯ માં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. અગાઉ રાહુલ નાર્વેકર એનસીપી અને શિવસેના સાથે સંકળાયેલા છે.

જાણો લો કે રાહુલ નાર્વેકર કોલાબાના ધારાસભ્ય છે. બીજેપીમાં જોડાતા પહેલા તેઓ એનસીપી અને શિવસેના સાથે પણ ગાઢ સંબંધ ધરાવતા હતા. ઉલ્લેખનીય છે કે, રાહુલ નાર્વેકર એનસીપીના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ રામરાજકે નાઈકના જમાઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૦ના એક વર્ષ પહેલા રાહુલ નાર્વેકર ભાજપમાં જોડાયા હતા, ત્યારબાદ તેઓ ધારાસભ્ય બન્યા હતા અને હવે તેઓ મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર બન્યા છે.

રાહુલ નાર્વેકર શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે પણ જોડાયેલા હતા. રાહુલ શિવસેના યુથ વિંગના પ્રવક્તા પણ રહી ચૂક્યા છે. રાહુલ નાર્વેકર રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે. રાહુલના પિતા સુરેશ નાર્વેકર કાઉન્સિલર રહી ચૂક્યા છે. ૨૦૧૪માં રાહુલ નાર્વેકર શિવસેનામાં હતા. તે દરમિયાન તેમણે લોકસભાની ચૂંટણી લડવાનો દાવો રજૂ કર્યો હતો પરંતુ તેમને ટિકિટ મળી ન હતી. શિવસેનાએ ટિકિટ માટે ઈનકાર કર્યા બાદ રાહુલ નાર્વેકર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી માં જોડાયા હતા. એનસીપીએ માવલ લોકસભા સીટ પરથી રાહુલ નાર્વેકરને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ રાહુલને હારનો સામનો કરવો પડ્યો હતો. બાદમાં રાહુલ ભાજપમાં જોડાયા હતા.

## બિહારમાં વરસાદી ઘટનાઓમાં ૧૯નાં મોત, આસામમાં સ્થિતિ વધુ વણસી, લોકો પરેશાન

### ઉત્તર ભારતમાં ભારે વરસાદ : વીજળી પડવા સહિતના ઘટનામાં રાજસ્થાનમાં બે, ઉ.પ્રદેશમાં એકનું મોત

નવીદિલ્હી,તા.૩

ઉત્તર ભારતમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડયો હતો. બિહારમાં વરસાદી ઘટનાઓમાં ૧૯ લોકોનાં મોત થયા હતા. ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી એક મહિલાનું મોત થયું હતું. મણિપુરમાં રેલવે સાઈટમાં થયેલા ભૂસ્ખલનમાં વધુ નવ મૃતદેહો મળતા મૃત્યુઆંક વધીને ૨૯ થયો છે. હજુ પણ ૩૪ લોકો લાપતા છે. એ જ વિસ્તારમાં ભૂસ્ખલનની વધુ એક ઘટના પણ બની હતી. હવામાન વિભાગના અહેવાલમાં કહેવાયું હતું કે આગામી બે-ત્રણ દિવસમાં દક્ષિણ-પશ્ચિમી ચોમાસું દેશભરમાં ફરી વળશે. બધા જ રાજ્યોમાં એક સપ્તાહ સુધી સારો એવો વરસાદ નોંધાશે.

ઉત્તર ભારતમાં ભારે વરસાદ પડતાં જનજીવન ખોરવાયું હતું. બિહારમાં અતિભારે વરસાદના કારણે નદીઓ બેફામ બની હતી. બિહારમાં ડૂબી જવાથી ૧૦ લોકોનાં મોત થયા હતા. વીજળી પડવા સહિતની અન્ય વરસાદી ઘટનાઓમાં વધુ ૯ લોકોએ જીવ ગુમાવ્યો હતો. રાજ્યમાં વરસાદી ઘટનાઓમાં ૧૯નાં મોત થયા હતા. ઉત્તર પ્રદેશમાં પણ વીજળી પડવાની ઘટનાઓ બની હતી, જેમાં બલિયા જિલ્લામાં એક મહિલાનું મોત થયું હતું. પાટનગર દિલ્હીમાં પણ ભારે વરસાદના કારણે જનજીવન ઠપ થયું હતું. શહેરમાં કેટલાય રસ્તા પાણી ભરાઈ જવાના કારણે બંધ રહ્યા હતા. હિમાચલ પ્રદેશના કેટલાય જિલ્લાઓમાં યલ્લો એલર્ટ જારી કરાયો છે. હવામાન વિભાગના અહેવાલ પ્રમાણે દક્ષિણ-પશ્ચિમી ચોમાસું ભારતના બાકીના રાજ્યોમાં પણ બે-ત્રણ દિવસમાં પહોંચી જશે. આવતા સપ્તાહમાં ભારતભરમાં સારો એવો વરસાદ પડશે. ઉત્તર ભારતમાં વરસાદની સ્થિતિ એકાદ સપ્તાહ સુધી યથાવત રહેશે. લુધિયાણામાં સાડા ત્રણ ઈંચ વરસાદ પડયો હતો. પંજાબના અન્ય શહેરોમાં પણ બેથી ત્રણ ઈંચ સુધી વરસાદ વરસ્યો હતો.

મુંબઈમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો. અસંખ્ય રસ્તા પાણી ભરાતા બંધ રહ્યા હતા અને શહેરીજનોના વાહનો અધવચ્ચે અટવાઈ ગયા હતા. આખો દિવસ મુંબઈમાં વરસાદ પડયો હતો. જનજીવન પ્રભાવિત થયું હતું અને કેટલીય ઓફિસો બંધ રાખવી પડી હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. દિવસ દરમિયાન કેટલાક સ્થળોએ સાતથી આઠ ઈંચ વરસાદ પડયો હતો.

મણિપુરના નોની જિલ્લામાં રેલવે સાઈટમાં ભૂસ્ખલન થયું હતું. એ ઘટનામાં વધુ નવ મૃતદેહો મળી આવ્યા હતા, જેમાં પાંચ ટેરિટોરિયલ આર્મીના જવાનોના હતા. કુલ મૃત્યુ આંક ૨૯ થયો છે. હજુય ૩૪ લોકો લાપતા છે. ગુમ થયેલાઓમાં ટેરિટોરિયલ આર્મીના જવાનોનો પણ સમાવેશ થાય છે. સતત વરસાદના કારણે રેસ્ક્યૂ ઓપરેશનમાં અવરોધ આવ્યો હતો. મણિપુરના નોની જિલ્લામાં જ વધુ એક ભૂસ્ખલનની ઘટના બની હતી. જે સ્થળે અગાઉ ભૂસ્ખલન થયું હતું તેની નજીકમાં બીજી ઘટના બનતા લોકોમાં દહેશત ફેલાઈ હતી. આસામમાં પૂરની સ્થિતિ વધુ વિકટ બનતી જાય છે. ૩૩થી ૩૫ લાખ લોકો પૂરપ્રભાવિત થયા છે. પૂરપ્રકોપથી મૃત્યુઆંક ૧૭૩ થઈ ચૂક્યો છે. ૩૦ જિલ્લાના અનેક ગામડાં પૂરપ્રભાવિત થયા છે. બ્રહ્મપુત્ર, બેકી, કોપિલી, બરાક અને કુશિયારા જેવી નદીઓ ગાંડીતૂર બની છે.

આસામના કછાર જિલ્લામાં બરાક નદી પર આવેલો બંધ તોડવાના આરોપમાં એકની ધરપકડ થઈ હતી. બંધ તૂટવાના કારણે સિલચરમાં ભારે તબાહી સર્જાઈ હતી. અનેક લોકો ડૂબી ગયા હતા અને શહેરમાં જળબંબાકાર સર્જાયો હતો. આ ઘટનામાં છ આરોપીઓની ઓળખ થઈ છે. એમાંથી કાબુલ ખાન નામના એક આરોપીની પૂછપરછ થઈ હતી અને ત્યારબાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. વિડિયોમાં તેનો અવાજ ઓળખી લેવાયો હતો અને ત્યારબાદ કાર્યવાહી થઈ હતી. આરોપીએ બંધ તૂટવાનો એક વિડિયો બનાવ્યો હતો.

આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમા એ વિસ્તારની મુલાકાતે પહોંચ્યા ત્યારે તેમણે આ વિડિયો લોકોને બતાવ્યો હતો. એમાંથી આરોપીનો અવાજ ઓળખાયો હતો. સરકારી અધિકારીઓનો આરોપ છે કે બરાક નદી પર આવેલો બંધ લોકોએ તોડયો હોવાથી સિલચરમાં પૂરપ્રકોપ થયો હતો.

સરકારી અધિકારીઓએ આ પૂરને માનવસર્જિત ગણાવ્યો હતો. જોકે, કેટલાક લોકોએ ડેમ પહેલાંથી ક્ષતિગ્રસ્ત હોવાનું પણ કહ્યું હતું. આ બાબતે તપાસ શરૂ કરવામાં આવી છે.

## બિહારના મોતિહારીમાં ચાલું ટ્રેનમાં લાગી ભીષણ આગ, મુસાફરોએ કૂદીને જીવ બચાવ્યો

**કર્મચારીઓએ સમયસર ટ્રેનના એન્જિનને કોચથી અલગ કરી દીધું હતું,**

પટણા,તા.૩

બિહારના મોતિહારીમાં રવિવારે એક પેસેન્જર ટ્રેનના એન્જિનમાં આગ ફાટી નીકળી હતી. આ દરમિયાન ટ્રેનની અંદર મુસાફરો હાજર હતા. રક્સૌલથી નરકટિયાગંજ જતી ટ્રેનમાં સવારે ૬.૧૦ વાગ્યે આ દુર્ઘટના થઈ હતી. રેલવે કર્મચારીઓને આ અંગેની જાણ થતાં જ ટ્રેનને તાત્કાલિક અટકાવી દેવામાં આવી હતી. આ દરમિયાન મુસાફરોએ પણ ટ્રેનમાંથી કૂદીને જીવ બચાવ્યો હતો.

ટ્રેનની નજીક હાજર કર્મચારી સ્ટાફ પણ કોચમાં પહોંચી ગયો હતો અને લોકોને નીચે ઉતાર્યા હતા. આ પછી એન્જિન સાથે જોડાયેલ કોચને અલગ કરી દેવામાં આવ્યો હતો. આ કોચને બીજા એન્જિન સાથે જોડીને નરકટિયાગંજ લઈ જવામાં આવ્યો છે મુસાફરો પણ સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું કહેવાય છે.

૦૫૫૪૧ પેસેન્જર ટ્રેન રક્સૌલ જંક્શનથી દરરોજ સવારે ૫:૧૦ વાગ્યે ઉપડે છે. આ દરમિયાન, રવિવારે જ્યારે ટ્રેન રક્સૌલના ભેલાહીના બ્રિજ નંબર ૩૯ પાસે પહોંચી ત્યારે અચાનક તેમાં આગ લાગી હતી. જ્યારે ત્યાં હાજર રેલવે કર્મચારીઓએ ધુમાડો જોયો તો જાણવા મળ્યું કે ટ્રેનના એન્જિનમાં આગ લાગી હતી.

જો કે, કર્મચારીઓની સમજદારીથી મોટી દુર્ઘટના ટળી હતી. કર્મચારીઓએ સમયસર ટ્રેનના એન્જિનને કોચથી અલગ કરી દીધું હતું, જેના કારણે બીજા કોચમાં આગ આગળ વધી શકી નહોતી.

રવિવારે જ્યારે ટ્રેન રક્સૌલમાં ભેલાહીના પૂલ નંબર ૩૯ પાસે પહોંચી ત્યારે અચાનક તેમાં આગ લાગી હતી. રવિવારે જ્યારે ટ્રેન રક્સૌલમાં ભેલાહીના પૂલ નંબર ૩૯ પાસે પહોંચી ત્યારે અચાનક તેમાં આગ લાગી હતી.

રક્સૌલ સ્ટેશનના સુપરિન્ટેન્ડેન્ટ અનિલ કુમાર સિંહે જણાવ્યું કે, સવારે ટ્રેન રાબેતા મુજબ ચાલી હતી.

આ દરમિયાન, અચાનક ટ્રેનના એન્જિનમાં આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું. માહિતી મળતા જ તમામ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ટ્રેનનાં એન્જિનને સમયસર અલગ કરી દેવામાં આવ્યું હતુ. જો કે, કોઈપણ મુસાફર અને ડ્રાઈવરને ઈજા થઈ ન હતી. ટ્રેનને બીજું એન્જિન લગાવીને નરકટિયાગંજ લઈ જવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. આગ કેવી રીતે લાગી તેની તપાસ કરવામાં આવશે.

## અમરાવતી હત્યા:માસ્ટરમાઈન્ડ ઈરફાન ખાનની ધરપકડ કરાઈ, કુલ ૭ની ધરપકડ

મુંબઈ,તા.૩

રાજસ્થાનના ઉદયપુરના દરજી કન્હૈયાલાલની જેમ જ મહારાષ્ટ્રના અમરાવતીમાં ૨૧ જૂનના રોજ ઉમેશ કોલ્હે નામના વ્યક્તિની હત્યા કરી દેવામાં આવી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ઉમેશ કોલ્હેની હત્યા એટલે કરવામાં આવી કેમ કે, નૂપુર શર્માના સમર્થનમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરી હતી. તો કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ કેસને એનઆઈએને સોંપી દીધો છે અને હવે એનઆઈએ આ કેસની તપાસ કરશે. આ ઘટનાના સંબંધમાં અત્યાર સુધી કુલ ૭ લોકોની ધરપકડ થઈ ચૂકી છે.૫ લોકોની પહેલા જ ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે શનિવારે પોલીસે બે વધુ શંકાસ્પદોની ધરપકડની પુષ્ટિ કરી હતી. શનિવારે રાતે એનઆઈએ ચલાવનારો કથિત માસ્ટરમાઈન્ડ ૩૫ વર્ષીય ઈરફાન ખાન અને ૪૪ વર્ષીય એક પશુ ચિકિત્સક યુસુફ ખાનની પોલીસે ધરપકડ કરી હતી. ઈરફાન ખાનની નાગપુરથી ધરપકડ કરવામાં આવી, તો યુસુફ ખાનની શુક્રવારે રાતે અમરાવતીથી ધરપકડ કરવામાં આવી હતી. અમરાવતી શહેર પોલીસ કમિશનર આરતી સિંહે ઈરફાનની ધરપકડની પુષ્ટિ કરતા તેને માસ્ટરમાઈન્ડ ગણાવ્યો છે.

પોલીસ કમિશનર આરતી સિંહે કહ્યું કે, અમે તેની એનઆઈએ તેની બેક્કિંગ લેવડ-દેવડની તપાસ કરી રહ્યા છીએ. પોલીસે જણાવ્યું કે, પહેલા ધરપકડ કરવામાં આવેલા પાંચમાંથી ઓછામાં ઓછા ચાર ઈરફાન ખાનના મિત્ર હતા અને તેમણે ઈરફાનના એનજીઓ સાથે સ્વેચ્છાએ કામ કર્યું છે. ઈરફાન ખાન પર આરોપ છે કે, તેણે હત્યાની યોજના બનાવી.

## ભૂકંપથી હચમચી ઉઠી દુનિયા: ૪ દેશોમાં જોરદાર આંચકા, ઈરાનમાં ૩ લોકોએ ગુમાવ્યો જીવ



બેજીંગ,તા.૩

દુનિયાના ચાર દેશઓમાં શનિવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર જોઈએ તો, ઈરાન, કતર, ચીન અને સંયુક્ત અરબ અમીરાતમાં જોરદાર ભૂકંપ આવ્યો હતો. સંયુક્ત રાજ્ય ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ અનુસાર, ઈરાનના દક્ષિણી ભાગમાં આવેલા ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૨ નોંધાઈ છે. ઈરાનના સ્થાનિક ટીવી ચેનલમાં જણાવ્યા અનુસાર, દેશના દક્ષિણી ભાગમાં આવેલા ભૂકંપના કારણે લગભગ ૩ લોકોના મોત થઈ ગયા છે, જ્યારે ૮ લોકો ઘાયલ થયા છે. સંયુક્ત અરબ અમીરાતના દુબઈ શહેરમાં પણ ભૂકંપના આંચકા આવ્યા છે.

એવું કહેવાય છે કે ઈરાન, યુએઈ અને કતરમાં સવારના સમયે ભૂકંપના બે મોટા ઝટકા અનુભવાયા છે. ઈરાનમાં કેટલાય લોકોના મોત થયા છે. તો વળી નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીએ જણાવ્યું છે કે, ચીનના શિઝિયાંગ પ્રાંતમાં ભૂંકપના ઝટકા અનુભવાયા છે. અહીં રાતના ૩.૩૦ કલાકે ધરતી હલી હતી. ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૩ નોંધાઈ છે. તેની ઊંડાઈ ૧૦ કિમી સુધી રહી હતી. ઈરાનની વાત કરીએ તો, અહીં ૨૫ તારીખે પણ ભૂકંપ આવ્યો હતો. અહીંના દક્ષિણી પ્રાંતમાં શનિવારે ૫.૬ તિવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. જેમાં લગભગ એક વ્યક્તિનું મોત થઈ ગયું અને ૩૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. ઈરાની મીડિયાએ આ પ્રકારની જાણકારી આપી હતી.

ઈરાનની સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર હોર્મોઝ્ગાન પ્રાંતના કિશ દ્વિપમાં ૨૨ કિમી ઉત્તર પૂર્વ સ્થાનિક સમયાનુસાર સવારે આઠ કલાકને સાત મીનિટે ભૂકંપ આવ્યો હતો, જેનું કેન્દ્ર જમીનથી નીચે ૨૨ કિમી બતાવાય છે. ઈરાનના કિશ દ્વિપ હોસ્પિટલના મુખ્ય અધિકારી મુશ્તફા નદિયલિનજાદના હવાલેથી જણાવ્યું છે કે, કાટમાળ પડતા ચાર લોકોના હાડકા તૂટી ગયા હતા. એક વ્યક્તિ ત્રીજા માળેથી પડ્યો અને તેના માથામાં જોરદાર ઈજા થઈ હતી, લોહીલુહાણ થઈ ગયો હતો.

મુશ્તફાએ જણાવ્યું હતું કે, ઓપરેશન કક્ષમાં સર્જરી બાદ પણ વ્યક્તિને બચાવી શક્યા નથી. તેમણે જણાવ્યું છે કે, ભૂકંપ આવતા આ વિસ્તારમાં ૩૧ લોકો ઘાયલ થયા છે. જેમાંથી મોટા ભાગના લોકોને સામાન્ય ઈજા થઈ હતી. ઉલ્લેખનિય છે કે, કિશ દ્વિપ ફારસની ખાડીમાં આવેલી છે અને તે રાજધાનીથી લગભગ ૧૦૨૫ કિમી દૂર છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગત ૧૦ દિવસમાં કેટલીય વાર ભૂકંપના હળવા આંચકા અનુભવાયા છે.

## તંત્રી સ્થાનેથી...

# જીએસટીનો વ્યાપ




ભારત જેવી વિશાળ અર્થવ્યવસ્થામાં બહુ ઝડપી આર્થિક બદલાવો થવા આશ્ચર્યજનક નથી. મોંઘવારીનો માર પણ ચાલુ છે, તો રૂપિયાનું મૂલ્ય સર્વકાલીન નીચલા સ્તરે છે. જોકે નાણાંમંત્રી નિર્મલા સીતારમણ અનુસાર દુનિયાની અન્ય મુદ્રાઓની તુલનામાં હજુ પણ રૂપિયો બહેતર સ્થિતિમાં છે. સાથે જ તેઓ એમ પણ માની રહ્યા છે કે આપણે થોડી હદે બહેતર સ્થિતિમાં છીએ. જોકે આપણે આપણી અર્થવ્યવસ્થાને સંપૂર્ણ રીતે ખોલી નાખી છે, તેથી વૈશ્વિક અર્થવ્યવસ્થાની અસર અહીં રોજ જોવા મળે છે. રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર કહે છે કે આરબીઆઇ રૂપિયામાં વધુ ઉતાર-ચડાવ નહીં થવા દે, પરંતુ ખરું એ છે કે તેના માટે સરકારે પણ ઠોસ પ્રયાસ કરવા પડશે. જો આપણી અર્થવ્યવસ્થા મજબૂત હોત તો રૂપિયો આટલો ન તૂટતો. શેરબજાર કે અર્થવ્યવસ્થામાં જો થોડો પણ સુધારો દેખાય છે તો તરત કોઈ ઘટાડો થઈ જાય છે. નાણાંમંત્રીએ ધ્યાન રાખવું પડશે કે જે પણ આર્થિક સુધાર થઈ રહ્યા છે, તે જનતાને અનુરૂપ હોવા જોઇએ.

દેશમાં હવે ચૂકવણી સંબંધી કેટલાક નિયમો બદલાઈ ગયા છે, જેથી લેવડ-દેવડમાં બેઈમાની ન થાય. આધાર-પાન લિંક કરવા માટે કડકાઈ, ક્રિપ્ટોકરન્સી પર ટીડીએસ, ઓનલાઇન ચૂકવણી માટે ટોકન વ્યવસ્થા, ભેટ પર ૧૦ ટકા ટીડીએસની વ્યવસ્થા શરૂ થઈ ગઈ. જીએસટીમાં પણ કરવસૂલીનો વિસ્તાર કરવામાં આવ્યો છે. અનેક જરૂરી ઉત્પાદનો અને સેવાઓ પર કર લગાવ્યો કે વધાર્યો છે. સરકારનું ધ્યાન કરવસૂલી પર છે અને હોવું પણ જોઈએ, પરંતુ જ્યાં બેઈમાનોને દંડિત કરવાની અને ઈમાનદારોને પ્રોત્સાહિત કરવાની શી વ્યવસ્થા છે? લોકો વચ્ચે એ ધારણા છે કે સરકારોનો ઝોક ઉદ્યોગ જગત તરફ વધુ હોય છે અને આમ આદમી કે નોકરિયાત લોકો પ્રત્યે અર્થવ્યવસ્થા દાયકાઓથી અનુદાર જ રહી છે. જ્યાંથી આસાનીથી વસૂલી સંભવ હોય, ત્યાંથી કર વસૂલવાની પ્રવૃત્તિ નવી નથી. અર્થવ્યવસ્થામાં થોડા વિરોધાભાસ પણ છે, જેમ કે સરકાર ડેરી ઉદ્યોગને કેટલીય રીતે ઉત્તેજન આપવાની કોશિશ કરી રહી છે, પરંતુ ડેરી મશીન પર જીએસટીને ૧૨ ટકાથી વધારીને ૧૮ ટકા કરી દેવામાં આવ્યો છે. નીતિઓમાં સ્પષ્ટતાથી અર્થવ્યવસ્થાને બળ મળે છે. અનેક એવાં ઉત્પાદનો છે, જેના પર જીએસટી હજુ વધારવાની જરૂર ન હતી, પરંતુ સરકારની પણ મજબૂરી છે, તેણે આયાતી ક્રુડ મામલે રાજસ્વમાં સમજૂતી કરી છે, તે ક્યાંક તો ભરપાઈ કરવી જ પડશે. દરેક મોરચે કરોમાં કપાત કોઈ સરકાર માટે સંભવ નથી. છતાં આમ આદમીની તકલીફનું ધ્યાન રાખવું જોઈએ.

## પેરોલ પર બહાર આવેલો દુષ્કર્મ કેસનો દોષી રામ રહીમ અસલી ન હોવાની તેના સમર્થકોને શંકા

ચંદીગઢ,તા.૩

હરિયાણાના ડેરા સચ્ચા સૌદા પ્રમુખ રામ રહીમને પેરોલ આપવામાં આવી છે. જેલ વિભાગે રોહતકની સુનારિયા જેલમાં બંધ ગુરમીત રામ રહીમને પેરોલ આપી છે. ત્યારે હવે ડેરાના સમર્થકોને એવી શંકા થઈ રહી છે કે, જેલમાંથી બહાર આવેલો રામ રહીમ અસલી નથી અને આ મામલે તપાસ માટે તેમણે હાઈકોર્ટમાં એક અરજી પણ કરી છે. અરજીમાં એવું કહેવામાં આવ્યું છે કે, પેરોલ પર બહાર આવેલા ડેરા પ્રમુખના હાવભાવ અસલી રામ રહીમ જેવા નથી. સાથે જ એવો દાવો કરવામાં આવ્યો છે કે, અસલી ડેરા પ્રમુખને રાજસ્થાન લઈ જવામાં આવ્યો છે.

અરજીમાં સરકાર સમક્ષ આ મામલે તપાસ કરવા માગણી કરવામાં આવી છે અને સોમવારના રોજ હાઈકોર્ટમાં આ અંગેની સુનાવણી થવાની છે.

ગત ૧૭ જૂનના રોજ સવારના સમયે રામ રહીમને જેલમાંથી બહાર લાવવામાં આવ્યો હતો. પેરોલની અવધિ દરમિયાન તે ઉત્તર પ્રદેશના બાગપત આશ્રમમાં રહી રહ્યો છે. આ આશ્રમ બાગપતના બરનાવા ગામમાં આવેલો છે. હરિયાણા સરકારે રામ રહીમને એક મહિનાના પેરોલ આપ્યા છે.

ગુરમીત રામ રહીમનો હરિયાણાના સિરસા પછીનો દેશનો સૌથી મોટો આશ્રમ બાગપતમાં આવેલો છે. ગુરમીત રામ રહીમ સિંહને ૨૦૧૭ના વર્ષમાં દુષ્કર્મના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યો ત્યારથી તે હરિયાણામાં રોહતકની સુનારિયા જેલમાં બંધ છે. જોકે હાલ તે એક મહિનાના પેરોલ પર બહાર છે.

## બીજેપી કાર્યકારિણી બેઠકમાં કન્હૈયાલાલ અને સિદ્ધૂ મૂસેવાલાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી

હૈદરાબાદ,તા.૩

ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં પસાર કરાયેલા શોક સંદેશમાં તાજેતરમાં જ હત્યાનો શિકાર બનેલા ઉદયપુર સ્થિત દરજી કન્હૈયાલાલ અને પંજાબના સિંગર સિદ્ધુ મુસેવાલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. શોક સંદેશમાં અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ ભાજપના નેતાઓ અને હાલમાં જ મણિપુરમાં ભૂસ્ખલનમાં માર્યા ગયેલા સૈનિકોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બેઠક દરમિયાન ભાજપના મહાસચિવ દિલીપ સૈકિયાએ આ શોક સંદેશનું પઠન કર્યું હતું.આ જ અઠવાડિયે ઉદયપુરમાં દરજી કન્હૈયાલાલની એક વિવાદિત સોશિયલ મીડિયા પોસ્ટને લઈને ગ્રાહક બનીને આવેલા રિયાઝ અખ્તરી અને ગૌસ મોહમ્મદે મંગળવારે તેમની દુકાનમાં ઘૂસી છરીથી હુમલો કરી હત્યા કરી નાખી હતી. આરોપીઓએ હત્યાની જવાબદારી લેતા અપરાધનો વીડિયો ઓનલાઈન પોસ્ટ કર્યો હતો. આ ઘટનાના થોડા કલાકોની અંદર જ બંને આરોપીઓની રાજસમંદના ભીમ વિસ્તારમાંથી ધરપકડ કરી દીધી હતી. મૂસેવાલાનું વાસ્તવિક નામ શુભદીપ સિંહ સિદ્ધૂ હતું જેની ગયા મહીને પંજાબના માનસા જિલ્લામાં અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી નાખી હતી. મૂસેવાલાને ભારતમાં તેમના ગીત સો હાઈ, સેમ બીફ, ધ લાસ્ટ રાઈડ અને જસ્ટ લિસન જેવા ગીતોથી ખૂબ જ પસંદ કરવામાં આવ્યા હતા.

# ગુરૂ વચનામૃત...પ્રેમ નમ્રતા સમદ્રષ્ટિને જીવનનો આધાર બનાવો

પ્રેમ નમ્રતા સમદ્રષ્ટિ અને સહનશીલતાને જીવનનો આધાર બનાવો.પ્રેમની ભાષા સર્વોત્તમ ભાષા છે.સંતો ભક્તો ભલે સાંસારીક પદાર્થોથી કમજોર હોય પરંતુ તેમની પાસે પ્રેમ હોય છે અને આ પ્રેમ તે તમામને વહેચે છે.પ્રેમના માટે પ્રભુ નિર્ગુણ નિરાકાર જ મૂળ સ્રોત છે અને તેની સાથે સબંધ જોડવો એ અમારૂં પરમ કર્તવ્ય છે.હેવાનિયતને માનવતામાં બદલવાની તથા નફરતને પ્રેમમાં બદલવાની જરૂરીયાત જ સૌથી મોટી ક્રાંતિ છે.




પરમાત્માની પ્રાપ્તિ કરવા દૂર જવાની જરૂર નથી, તે તો કણકણમાં વ્યાપક છે તેમને નજીક જાણીને તેમની સાથે પ્રેમ કરવો, હંમેશાં તેમનો આધાર લેવો એ જ પરમાત્માની સાચી સ્મૃતિ છે,પ્રાર્થના છે.જીવનમાં સુખ..શાંતિ..આનંદ અને પ્રેમ ઈચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સબંધ જોડવો પડશે. જે આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઇ ગયા તેમને જન્મ મરણના બંધનમાંથી મુક્તિ મળી જાય છે.

જે વાણી મનુષ્યને મનુષ્યની સાથે જોડે,મનુષ્યના દિલમાં બીજાના માટે પ્રેમ..ભાઈચારો અને નમ્રતાની ભાવના જાગ્રત કરે તે જ વાણી યોગ્ય છે.મોહ એ પ્રેમનું બગડેલ રૂપ છે.પ્રેમની ભાષા તમામ સમજી શકે છે,પ્રેમ જ પ્રભુ ભક્તોની ઓળખાણ છે. જે પ્રભુના બનાવેલ માનવોની સાથે પ્રેમ કરે છે તે જ સાચા અર્થમાં પ્રભુની સાથે પ્રેમ કરે છે. ભક્તજનો તપ અને ત્યાગની ભાવનાથી,વિનમ્રતા અને નિર્મલતાના ભાવમાં રહી પ્રેમને જ મહત્તા આપે છે.

ભક્તો નિરાકાર પ્રભુના અસ્તિત્વને હાજરા હજુર માનીને ક્યારેય કોઇ ખોટું કામ કરતા નથી.પ્રભુને હરઘટમાં સમાયેલા જાણીને તથા માનીને તમામની સાથે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પ્રેમ અને સત્કારથી વ્યવહાર કરે છે તથા કોઇના દિલને ઠેસ પહોચાડવાનું કાર્ય કરતા નથી.પ્રભુ સાથે જોડાયેલ ભક્તોના જીવનમાં પ્રેમની સરવાણીઓ ફુટે છે. સંતો ભક્તો ભલે સાંસારીક પદાર્થોથી કમજોર હોય પરંતુ તેમની પાસે પ્રેમ હોય છે અને આ પ્રેમ તે તમામને વહેચે છે.જે ભૌતિક માયા સાથે નહી પરંતુ પ્રભુને પ્રેમ કરે છે તે જ સાચા સંત છે.

પ્રેમની ભાષા સર્વોત્તમ ભાષા છે.ભક્તિ એટલે પ્રભુ પરમાત્મા માટે અંતરમાંથી પ્રગટેલો પ્રેમ.ભક્તિ પ્રેમ સ્વરૂપા છે.પૂર્ણ પ્રેમ વિના ભક્તિ થઇ શકતી નથી.જ્ઞાનથી વિશ્વાસ, વિશ્વાસથી પ્રેમ અને પ્રેમની દ્રઢતાથી ભક્તિમાં દ્રઢતા આવે છે.વિશ્વાસ પ્રેમની પહેલી સીડી છે.સંત-મહાત્મા એ છે કે જો કોઇ તેમની સાથે નફરત કરે છે તેમની સાથે પણ પ્રેમ કરે છે.તમામની ભલાઈના માટે કામના કરે છે અને પરોપકારની ભાવના માટે જ જીવન જીવે છે,તે સમગ્ર સંસારના કલ્યાણના માટે કામના કરે છે આ જ ભક્તની સાચી ઓળખાણ છે.

જ્યાં સુધી પરમાત્માની અપરોક્ષાનુભૂતિ કરવામાં ના આવે ત્યાં સુધી મનમાં વિશ્વાસ પેદા થતો નથી.જ્યાં સુધી વિશ્વાસ પેદા થતો નથી ત્યાં સુધી પ્રભુની સાથે પ્રેમ સંભવ નથી,પ્રેમ વિના ભક્તિ થઇ શકતી નથી અને ભક્તિ વિના ભવસાગર પાર કરી શકાતો નથી અને જેમને પ્રભુની અપરોક્ષાનુભૂતિ કરી હોય એવા ગુરૂ વિના ભક્તિ સંભવ નથી.જ્ઞાન જ્યારે દ્રઢ થતાં થતાં પ્રેમમાં પરીણત થાય છે તો તે ભક્તિ કહેવાય છે.

જેમ માછલી પાણી વિના ક્ષણભર રહી શકતી નથી તેવી જ રીતે ભક્ત પણ પ્રભુ વિના પલભર રહી શકતા નથી.ચાતક જેમ સ્વાતિ બુંદ માટે લાલાયિત રહે છે તેમ ભક્ત પણ પ્રભુદર્શનની ઝલક માટે તડપે છે.મહેંદી જેમ પોતાનો રંગ જીવનના અંત સુધી છોડતી નથી તેમ ભક્ત હરિ પ્રેમનો ત્યાગ કરતા નથી.

સદગુરૂ પરમાત્માના પવિત્ર અને કોમળ ચરણોનો પ્રેમ જો તમારા હૃદયમાં રહેશે તો અનેક જન્મોના પાપ અને સંસ્કાર નષ્ટ થઈને આપણે પોતાના વાસ્તવિક ઘર(હરી)માં નિવાસ કરી શકીશું માટે હરિની ઓળખાણ કરી લઈએ અને અન્યને પણ તેની પ્રેરણા આપીએ કેમકે હરિનામ ધન જ સાચી સંપત્તિ છે.

જો આત્મજ્ઞાનના માધ્યમથી માનવ હૃદયમાં પ્રેમનો ઉદય ના થાય તો તે દુનિયાનો રાજા હોવા છતાં વ્યક્તિ નિંદનીય છે.પ્રેમ અને શ્રદ્ધાની પ્રબળતા હોય તો ભયંકરમાં ભયંકર કષ્ટો પણ કોમળ વ્યક્તિ સહન કરતી હોય છે.પ્રેમી ભક્ત પ્રેમને જ જુવે છે,પ્રેમને જ સાંભળે છે,પ્રેમને જ ખાય છે અને પ્રેમને જ સાંભળે છે.

પ્રેમ..શંકા અને વિશ્વાસના વિકલ્પોમાં પલ્ટી ખાધા કરતો હોય છે.પતિ-પત્નીને સફળતાભર્યું દામ્પ્ત્ય આપનાર ત્રણ તત્વો છે:વિશ્વાસ,પ્રેમ અને સમજણ.અનાદિકાળથી આ મન સંસારમાં ભટકતું આવ્યું છે, કુસંગથી મન બગડે છે,સત્સંગથી મન સુધરે છે.પ્રભુ પ્રેમમાં રંગાયેલા સંતોનો વારંવાર સત્સંગ મનને સુધારે છે.

જો આપણે પ્રભુ પરમાત્મા પાસે પ્રેમ માંગીએ તો તે આપણને દુ:ખી માણસોની વચમાં મોકલી દે છે જેથી અમારા હાથ મદદ માટે આગળ વધે, અમે ઉદાર બનીએ અને પ્રેમ કરવાનું શીખીએ.પ્રભુ પરમાત્મા અમો જે માંગીએ તે નહી પરંતુ અમારે જેની જરૂર છે તે આપે છે એટલે ઈશ્વરની મરજીમાં રાજી રહીશું તો અમારૂં ખરાબ થશે નહી.

ભક્તિથી જીવનમાં નમ્રતા અને સહિષ્ણુતા આવી જાય છે.ભક્તની અર્પણ ભાવનાના કારણે, બીજાના દૃષ્ટિકોણનો આદર કરવાના કારણે ભક્તનું પ્રેમભર્યું દિલ સમગ્ર જગતને પોતાનો જ પરીવાર જુવે છે. નમ્રતા જ મોટાઇનું પ્રતિક છે.કઠોરતા જવાથી નમ્રતા,પાવનતા,દયા સ્વતઃ આવી જાય છે.ધીરજ અને સંતોષની અવસ્થા ધારણ કરનારના જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે.જ્યારે પ્રભુ હૃદયમાં વસી જાય તો વિનમ્રતાનો ભાવ સહજમાં જ આવી જાય છે.(નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી નિરંકારી,૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# માનવ એકતાની સાંકળ

હું માનવી માનવ થાઉં તો ઘણું'' જાણીતા લેખક/કવિની આ પંક્તિ સાચી છે કે નહિ?'મનુર્ભવ'પણ માનવીને જ કહેવું પડ્યું છે ને? અર્થાત, માનવી તું માનવ બન. ક્યારેય કોઇ પશુ-પક્ષી માટે કોઈને કહેતાં સાંભળ્યા છે? કે કૂતરા તું કૂતરો બન, ગીધ તું ગીધ બન કે ગધેડા,તું ગધેડો બન, ઉલટાની હમેશા માનવીની તુલના જ પશુ પક્ષીઓ સાથે થઇ છે તે પછી

સારી હોય કે ખરાબ.

માનવી કાળો કે કર્કશ સ્વભાવનો

હોય તો કાગડા જેવો

માનવી લુચ્ચો હોય તો શિયાળ જેવો

માનવી ઠગ હોય તો બગલા જેવો

તે જ રીતે સારા ગુણો માટે પણ

મધૂર અવાજ હોય તો કોયલ જેવો

વફાદાર હોય તો કૂતરા જેવો

બહાદૂર હોય તો સિંહ જેવો

સ્વભાવે ગરીબ હોય તો ગાય જેવો.

આમ, માનવીની તુલના પશુ-પક્ષીઓ સાથે થાય છે માટે જ કહે છે ''નર ઔર પશુ એક સમાન જ્ઞાન અધિક ઇક નર મેં જ્ઞાન બિના પશુ જાન'' જો જ્ઞાન ન હોત તો મનુષ્ય પશુ સમાન જ હોત, પણ સંત નિરંકારી મિશનના તત્કાલિનસદગુરૂ બાબા હરદેવસિંહજી મહારાજે જ્ઞાન




આપીને માનવીને માનવ બનાવી દીધો અને માનવીને મહાપુરૂષનું બિરૂદ પણ આપ્યું. આ બધુંએક હદ સુધી સિમીત નથી રાખવાનું માટે જ સમયના સદગુરૂ માતા સુદિક્ષાજી મહારાજપણ ઈચ્છે છે કે આ માનવતાનીમહેક જન-જન સુધી પહોંચે અને કહે છે કે ''ચેરીટી બિગેન્સ એટ હોમ'' એ ન્યાયે માનવતામાંથી માનવ એકતા જન્માવવાનું બીડું સંત નિરંકારીમિશને ઝડપ્યું છે. માનવ એકતા ઘરમાંથી શરૂ થશે તો તે પાડોશ સુધી અને ધીમે ધીમે સમાજ સુધી, દેશ સુધી તથા દુનિયાના ખૂણે ખૂણે સુધી આ પહોંચશે.

એકતા-એકત્વ, વનનેસને ઓળખવી અઘરી નથી. આપણે સૌએ સાંભળેલી વાત દાસીને (મને) યાદ આવે છે. '' વૃધ્ધ કરસન કાકા મરણપથારીએ હતાં. તેમનેત્રણ પુત્રો હતા. પણ ત્રણેય પુત્રોમાં જોઇએ એવો સંપ ન હતો. આથી, કાકાને ખૂબ ચિંતા થવા લાગી. મારા મૃત્યુપછી પણ આ લોકો અરસપરસ એકતાથી નહિ જિવે તો?કાકા જ્ઞાની હતાં તેમણે યુક્તિ કરી. ત્રણેય પુત્રોને બોલાવ્યા. ત્રણેયને એકએક લાકડી આપી અને લાકડી તોડવા કહ્યું ખૂબ ઓછી મહેનતે લાકડી તૂટી ગઈ. પછી પાંચ-સાત લાકડીનો ભારો બનાવીને એકસાથે લાકડીઓ છૂટ્ટી કર્યા વગર તોડવાનું કહ્યું,ત્રણેય પુત્રોએ વારાફરતી ખૂબ મહેનત કરી પણ લાકડીઓ તૂટીનહિ. બસ, કાકાનેજિવંત ઉદાહરણ મળી ગયું તેમણે પૂત્રોને બોલાવીને સમજાવ્યા અને કહ્યું, જોયું આ લાકડીઓ જ્યાં સુધી એક એક હતી અર્થાત છૂટ્ટી હતી ત્યાં સુધી તમે એક ઝાટકે તોડી નાખી પણ લાકડીઓ ભેગી થયેલી એટલે કે એકતાવાળી લીધી તો તમે એને તોડી ના શક્યા. બસ, આ જ રીતે જો તમે અલગ અલગ રહેશો તો સમાજ તમને ડરાવશે, તોડી પાડશે, નુકશાન પહોંચાડશે,પણ જો તમે સૌ સંપીને રહેશો તો કોઇ તમારો વાળ પણ વાંકો નહિ કરી શકે. આ કહેવાય એકતા- માનવ એકતા....! આજે સમય પણ એ જ આવ્યો છે કોરોનાને હરાવવાનો .. એ પણ એકતાથી જ, સંપથીજ શક્ય બનશે.

આપણે સૌ જીતીશું અને કોરોના હારશે જ એમાં શંકાને જરા પણ સ્થાન નથી.

એકતાથી આપણે આઝાદી મેળવી શક્યા. આજે દરેક ફિલ્ડમાં યુનિયનો જોવા મળે છે. અરે, નિવૃત્ત થયેલા પેન્શનરોનુંપણ યુનિયન હોય છે. ઘરકામ કરનારાઓનું પણ યુનિયન હોય છે. દરેક કચેરીઓમાં પણ યુનિયન હોય છે. આ યુનિયન-યુનિટી એટલે જ એકતા....!

માનવ એકતાની જરૂર શા માટે છે? માનવ એકતા ગરીબી-અમીરીનો, ઉંચ-નીચનો,ભણેલા-અભણ વચ્ચેનો તથા ગોરા અને કાળા વચ્ચેનો ભેદ મિટાવે છે. અહિં સંત નિરંકારી મિશન સર્વ ધર્મ સમાનની ભાવના લઈને ચાલે છે. જેમાં નથી કોઇ ધર્મભેદ, જાતિભેદ, છે તો ફક્ત એકતા-વનનેસ. અહિં ફરી ગાંધીનગરની જનતાને પુનઃ જાણ તથા આમંત્રણ પાઠવું છું કે સંત નિરંકારી સત્સંગ ભવન,ગાંધીનગર માં સેક્ટર – ૩૦ ખાતે, શાંતિવન સોસાયટી, સામે, ચીપ ટાઈપ શોપીંગની સામે, ચ- રોડ પર આવેલ છે. જ્યાં દર રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦સુધી અને દર ગુરૂવારે સાંજે ૭.૦૦ થી ૮.૩૦ સુધી સત્સંગના કાર્યક્રમનું આયોજન થાય છે જેમાં દરેક વ્યક્તિ કોઈપણ જાતના ભેદભાવ વગર આ સત્સંગનો નિઃશુલ્ક લાભ લઈ શકે છે. વધુ વિગતો માટે નીચેજણાવેલ સત્સંગીભાઈ-બહેનોનો સંપર્ક કરી શકે છે.

મિશનના ઝોનલ ઈંચાર્જ શ્રી સોહનબીર બલિયાનજી ૯૫૩૬૭૦૩૪૭૮ અથવા

શ્રીસંકેતભાઈ પટેલ – ૮૩૦૬૨૪૪૯૯૯

શ્રી સંતોષભાઈ પવાર – ૯૯૭૯૧૪૯૭૭૯

શ્રીમતી લક્ષ્મીબેન મુરલીધર વાધવાણી - ૯૮૯૮૦૧૨૬૯૨

લક્ષ્મી વાધવાણી (ગાંધીનગર-ગુજરાત)


## આગામી ઑગસ્ટ માસથી ૨ વર્ષ માટેનો અનુસ્નાતક કોર્સ એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ શરૂ કરાશે

અમદાવાદ,તા.૩

રાષ્ટ્રીય શિક્ષણ નીતિને ધ્યાને લઈને જીટીયુ સંચાલિત ધરોહર સેન્ટર ફોર ઈન્ડિયન નોલેજ સિસ્ટમ દ્વારા આગામી ઑગસ્ટ માસથી ૨ વર્ષ માટેનો અનુસ્નાતક કોર્સ એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ શરૂ કરાશે. ટેક્નોલોજી, ઈનોવેશન, સ્ટાર્ટઅપ, સામાજીક દાયિત્વ, આપણી પૌરાણીક વેદ પ્રણાલી અને ભારતીય સંસ્કૃતિથી પણ વિદ્યાર્થીઓ માહિતગાર થાય તે હેતુથી જીટીયુ દ્વારા સમયાંતરે વિવિધ કોર્સ અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં હવે વધુ એક કોર્સ એટલે કે, એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ શરૂ થવા જઈ રહ્યો છે.

એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ કોર્સ્ંમાં શરૂ કરવા અંગે વાત કરતા જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી આપણી પરંપરા અને સંસ્કૃતિથી અવગત થાય અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિના પરીપ્રેક્ષમાં જીટીયુ દ્વારા આ કોર્સ શરૂ કરવામાં આવી રહ્યો છે. આ કોર્સ શરૂ કરનાર જીટીયુ સમગ્ર દેશની ચોથી યુનિવર્સિટી છે.

આ કોર્સ અંગે ધરોહર સેન્ટરના ઓએસડી ડૉ. શ્રૃતિ આણેરાવે જણાવ્યું કે, વર્ષ ૨૦૨૧ થી ધરોહર સેન્ટર ભારતીય જ્ઞાન પરંપરાનાં અભ્યાસક્રમોની અત્યાર સુધી ૨૦ થી વધુ કોર્સીસની બે બેચ પૂર્ણ કરી ચૂક્યું છે. દેશ - વિદેશોમાંથી વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સારો પ્રતિસાદ તમામ અભ્યાસક્રમોમાં સાંપડ્યો છે. હવે આગામી ઑગસ્ટ માસથી જીટીયુ ધરોહર સેન્ટર અનુસ્નાતક અભ્યાસક્રમો શરૂ કરવા જઈ રહ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિને લક્ષ્યમાં રાખીને એમ.એ ઈન. હિન્દુ સ્ટડીઝ વિષયમાં ૧૦ સીટો પર પ્રવેશ પ્રક્રિયા આગામી ૧૫ જુલાઈથી શરૂ થશે.ઉલ્લેખનીય છે કે, એમ.એ. ઈન હિન્દુ સ્ટડીઝ કોર્સ બનારસ હિન્દુ યુનિવર્સિટી અને નાલંદા યુનિવર્સિટીમાં હાલના સમયે કાર્યરત છે. ગુજરાતના વિદ્યાર્થીઓને ત્યાં સુધી લાંબુ ન થવુ પડે તે અર્થે જીટીયુ દ્વારા આ કોર્સનો શુભારંભ કરાશે. અભ્યાસક્રમ દરમિયાન સંસ્કૃતના વિદ્વાન તજજ્ઞો જેવા કે, પ્રો. કમલેસ ચોક્સી, પ્રો. વસંત ભટ્ટ, ડૉ. મીહિર ઉપાધ્યાય રીસોર્સ પર્સન તરીકે સેવાઓ આપશે.



**આજરોજ તા.૧-૭-૨૦૨૨ અષાઢી સુદ બીજના દિવસે ૧૪૫મી ભગવાન શ્રીજગન્નાથજીની રથયાત્રાના દિવસે ત્રિપદા સ્કૂલ દ્વારા નીકળતી રથયાત્રા જ્યારે નારણપુરા ખાતે અંકુર રોડ ઉપર આવે તે દરમ્યાન રથયાત્રા માં જોડાયેલા સૌ વિદ્યાર્થીઓ અને તેઓ સાથે જોડાયેલ સૌ દરેક વ્યક્તિનો આદર પ્રેમ પૂર્વક સત્કાર કરી ભાવપૂર્વક સતત ૧૦ વર્ષની જેમ આ વર્ષે પણ મહર્ષી ગાર્ડન પરીવાર નારણપુરા તરફથી નિઃશુલ્ક આઇસક્રીમ વિતરણનું સુંદર કાર્ય કરવામાં આવ્યું હતું.**

# અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યા, આરોપીએ મોટેલના રૂમનું ભાડું ન આપવું પડે તેથી ગોળી મારી દીધી

### જૂન મહિનામાં પણ અન્ય એક ગુજરાતીની અમેરિકાના વર્જિનિયામાં હત્યા કરવામાં આવી હતી

સુરત,તા.૩

અમેરિકામાં અવારનવાર ગુજરાતીઓની લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવતી હોય છે. ત્યારે મૂળ સુરતના અને હાલ અમેરિકામાં સ્થાયી થયેલા ૬૯ વર્ષના જગદીશ પટેલની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

આ અંગે વિગતવાર સમાચાર જોઈએ તો, ૨૫મી જૂને શનિવારે નાઈટમાં તેઓ મોટેલની ઓફિસમાં બેઠા હતા. તે દરમિયાન મોટેલના રૂમમાં રહેતા એક શખ્સે ઓફિસમાં આવી જગદીશ પટેલ સાથે માથાકૂટ કરી બે રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. જગદીશ પટેલને એક ગોળી માથામાં અને બીજી પેટમાં વાગી હતી. મોટેલનો સ્ટાફ તેમને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ૩૦મી જૂને જગદીશ પટેલનું સારવાર દરમિયાન મોત થયું હતું.

આ મોટેલમાં આરોપી ડાર્નેલ બ્રાઉન ૨ દિવસથી રહેતો હતો. હત્યારો રૂમનું ભાડું ન આપતો હોવાથી બંને વચ્ચે માથાકૂટ થઈ હતી. જેમાં આરોપી બ્રાઉને જગદીશ પટેલને માથામાં અને પેટમાં ગોળી મારી દીધી હતી.



જગદીશ પટેલનો પરિવાર વર્ષ ૨૦૦૭થી અમેરિકામાં સ્થાયી થયો હતો. તેમના પુત્ર અને વહુ બન્ને અમેરિકાના શિકાગોમાં ડોકટર છે. જગદીશ પટેલ સચિન પોપડાના વતની છે. જગદીશ પટેલ કાંઠા વિસ્તારમાં સારા ક્રિકેટર પણ હતા. તેઓ એમટીબી આર્ટસ કોલેજમાં ક્રિકેટ ટીમના કેપ્ટન પણ રહી ચૂકયા હતા.

જૂન મહિનામાં પણ અન્ય એક ગુજરાતીની અમેરિકાના વર્જિનિયામાં હત્યા કરવામાં આવી હતી. વર્જિનિયાના ન્યુ પોર્ટમાં આવેલા એક સ્ટોરમાં રાત્રે થયેલા ફાયરિંગમાં મોતને ભેટેલા ગુજરાતીની ઓળખ પ્રેયસ પટેલ (૫૨ વર્ષ) તરીકે કરવામાં આવી હતી. જેઓ આણંદના સોજિત્રાના વતની હતા.

તેમની સાથે ૩૫ વર્ષના એડવર્ડ થોમસ નામના એક વ્યક્તિની પણ હત્યા કરવામાં આવી હતી. પ્રેયસ પટેલની હત્યા લૂંટના ઈરાદે કરવામાં આવી હતી. આ સ્ટોરમાં કામ કરનારા એક કર્મચારીએ પોલીસને જણાવ્યું હતું કે પ્રેયસ પટેલ તેના માલિક હતા, જ્યારે એડવર્ડ નોકરી કરતો હતો. સ્ટોરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં પણ ઘટનાના દ્રશ્યો ઝડપાયા હતા.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ


NOG SS No/0044
વિભાગ:- ગદ્ય
વિષય:- પરંપરાગત રથયાત્રા
શબ્દો:- ૧૭૬.
શીર્ષક:- રથયાત્રા
નામ:- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

ખુબ મનોમંથનને અંતે ગૂગલ મહારાજને શરણે ગઈ અને જે નવનીત પ્રાપ્ત થયું એ આપની સમક્ષ લાવી છું.

?રથયાત્રા તે ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રા સાથે સંકળાયેલો એક હિંદુ તહેવાર છે, જે ભારતભરમાં ગુજરાતી પંચાંગ પ્રમાણે અષાઢ સુદ બીજને દિવસે મનાવવામાં આવે છે. ભગવાન જગન્નાથનું મુળ મંદિર ઓરિસ્સાનાં જગન્નાથ પુરી શહેરમાં આવેલું છે. હરરોજ ભક્તોએ ભગવાનનાં દર્શન કરવા ભગવાન પાસે જવું પડે છે, પરંતુ રથયાત્રાનાં દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને પોતાના ભક્તો પાસે જાય છે.

જગનાથ પુરીમાં દર વર્ષે ભગવાનનાં ત્રણે રથો નવેસરથી તૈયાર કરવામાં આવે છે.

આ રથોની ઉંચાઇ લગભગ ૪૫ ફુટ (૪-૫ માળ) જેટલી હોય છે.

પુરીનાં જગન્નાથ મંદિરમાં ભારતીય હિંદુ સિવાય અન્યને પ્રવેશ મળતો નથી.

રથયાત્રાને દિવસે નાત જાતનાં ભેદ ભાવ વગર હર કોઇ દર્શન કરી શકે છે તથા રથ ખેંચી શકે છે.

અમદાવાદની રથયાત્રામાં દર વર્ષે ફણગાવેલાં મગ, કાકડી, કેરી અને જાંબુનો હજારો (૩૦,૦૦૦-૪૦,૦૦૦) કીલો પ્રસાદ વહેંચવામાં આવે છે.ચસંદર્ભ આપોૃ

પુરીની રથયાત્રામાં જગન્નાથનાં રથનું નામ નંદીઘોષ છે.

અંગ્રેજી ભાષામાં, અતિશક્તિશાળી જેને રોકી ન શકાય તેવું, રસ્તામાં આવનાર તમામ અવરોધોને કચડી કાઢનાર, વગેરે અર્થમાં વપરાતો શબ્દ 'જગરનોટ' (Juggernaut), જગન્નાથપુરીની રથયાત્રા પરથી લેવામાં આવેલ છે.

સંકલન- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS. NO. 0097
વિષય:રથયાત્રા
પ્રકાર: ગદ્ય
શીર્ષક: આપણા તહેવારો

આપણો દેશ તહેવારોનો દેશ છે.વિવિધતાથી ભરપૂર આપણા તહેવારોની શરુઆત અષાઢી બીજ એટલે કે રથયાત્રાથી થાય છે.તહેવારોની સાથે સામાજીક મહત્વ જાળવવાની વડીલોની દીર્ઘ દ્રષ્ટી પણ જોવા મળે છે

રથયાત્રામાં મોટાભાઈ અને નાનાભાઈની વચ્ચે બહેનનો રથ હોય છે.

આપણે જોઈશું તો,બહેનનું પિયરમાં મહત્વ બતાવ્યું છે. ભાઈઓ એકલા જ બહેન સાથે જાય છે. ભાઈ બહેનના પ્રેમની વચ્ચે કોઈ આવી શકે નહીં.સાથે મોસાળનું મહત્વ પણ આવરી લીધું છે.સાસરે ગયેલી બહેનને પિયરના ગામ લોકોને મળવાનું મન થાય જ. એટલે ભાઈઓ બહેનનને બધાને મળવા નગરયાત્રા કરાવે છે. જેથી નગરના લોકો સાથે શેરી શેરીની યાદ તાજીથાય છે.

આજે સાપ ગયા અને લિસોટા રહ્યા જેવી પરિસ્થિતિ છે.

તહેવારો માત્ર વૈવિધ્યસભર ઉજવણી માત્ર બની રહી છે.

સામાજીક મહત્વ કે બોધપાઠ બિલકુલ જ ભુલાય રહ્યો છે.આજના વડીલો જ બધુ ભુલી રહ્યા હોય તો આવનારી નવી પેઢી શું શીખશે? એ લોકો જોશે તો અનુકરણ કરશે ને? આપણે આપણા તહેવારોને આ દ્રષ્ટીથી સમજવા પ્રયત્ન કરીશું?

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા-ઓસ્ટ્રેલિયા

---

*NOG SS NO:004*
વિષય: પરંપરાગત રથયાત્રા
પ્રકાર :પદ્ય(મુક્તપંચિકા)
શબ્દો:૧૦૮
શીર્ષક: લ્હાણ

રૂડો પ્રસંગ
અષાઢી બીજ
નવા વર્ષનો રમ્ય,
કચ્છીનો હર્ષ
ઉમંગે લ્હાણ.

જગન્નાથની
છે નવિનતા
પ્રભુ રથે સવાર
આ પરંપરા ,
ભક્તની લ્હાણ.

રથયાત્રાની
અનોખી ભાત
ભક્ત ગણ હર્ષાય
મેઘ વરસે
ઈન્દ્રની લ્હાણ

---

NOG SS No/004.
આનંદે સર્વ
માર્ગ પૂજાય
જન જન ઉત્સાહી
રામેશ્વરે છે
દેવોની લ્હાણ.
જયશ્રી પટેલ

---

NOG.SS. No.0098
વિષય:- રથયાત્રા
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- રહસ્ય

મહાપ્રભુ જગન્નાથને કલયુગના ભગવાન કહેવાય છે 'પૂરી 'માં (શહેર )જગન્નાથ મહા પ્રભુ પોતાની (બેન )સુભદ્રા અને દાઉ(ભાઈ) બલરામ સાથે નિવાસ કરે છે પણ એવા એવા રહસ્યો છે કે આજ સુધી કોઈ જાણી ન શક્યા.

દર બાર વર્ષે મહાપ્રભુ ની મૂર્તિને બદલવામાં આવે છે તે સમયે આખા 'પૂરી'શહેરને બ્લેક આઉટ કરવામાં આવે છે એટલે કે શહેરની બધી લાઈટો બંધ કરી દેવાય છે . લાઈટ બંધ કર્યા પછી મંદિર પરિસરને ઝઈઁહ્ન ની સેના ચારે બાજુથી ઘેરી લે છે તે વખતે કોઈ પણ મંદિરમાં પ્રવેશી ન શકે પૂજારીની આંખોમાં પટ્ટી બાંધી હોય છે હાથોમાં દસ્તાણા હોય છે જે પુરાની મૂર્તિથી 'બ્રહ્મ પદાર્થ 'કાઢે છે અને નવી મૂર્તિમાં નાખે છે એ 'બ્રહ્મ પદાર્થ 'શું છે એ કોઈ પણ આજ સુધી જાણી ન શક્યા. હજારો વર્ષોથી એક મૂર્તિથી કાઢીને બીજી મૂર્તિમાં નંખાય છે આ 'બ્રહ્મ પદાર્થનો' સંબંધ ભગવાન શ્રીકૃષ્ણથી છે પણ શું છે કોઈ નથી જાણી શકતો આ પ્રક્રિયા દરબાર વર્ષમાં એક વખત થાય છે તે દરમિયાન સુરક્ષા બહુ જ કડી હોય છે.

મિત્રો આપણે મંદિરોના શિખર પર પક્ષીઓને ઉડતા બેસતા જોયા છે પણ જગન્નાથ મંદિરના ઉપરથી કોઈપણ પંખી ઉડતા નથી.

ઝંડો હંમેશા પવનની ઉલટી દિશામાં લહેરાય છે .ભગવાન જગન્નાથ મંદિરની રસોઈમાં પ્રસાદ પકાવવા માટે માટીના સાત વાસણ છે જે એક ઉપર એક મુકાય છે જેણે લાકડાની અગ્નિથી પકાવવામાં આવે છે આ દરમિયાન સૌથી ઉપરના વાસણમાં મુકેલા પકવાન પહેલા પાકે છે. ભગવાન જગન્નાથના મંદિરમાં દર દિવસે ભક્તો માટે પ્રસાદ બને છે જે કોઈ દિવસ ખૂટતો નથી પણ હેરાન કરવા વાળી વાત એ છે કે જ્યારે મંદિરના પટ બંધ થાય છે ત્યારે પ્રસાદ ખલાસ થઈ જાય છે.

મિત્રો ભગવાન જગન્નાથ મંદિરની ઘણી બધી આશ્ચર્યપૂર્ણ અને સાચી વાતો છે જે ઘણી રહસ્યમય છે.

શ્રી જગન્નાથ મહાપ્રભુ ની કૃપા આપણા બધા પર સદા બની રહે.
જય જગન્નાથ
લીના શર્મા
હાલોલ.



એક અરસો વીતી ગયો છે 'તારી'
'સ્પર્શ સંવેદનાઓ'ની ક્ષણોનો....!!
પણ 'મતલબ' એનો જરાય એ નથી
કે 'હું' એને અનુભવતી નથી....!!
હજીયે 'તારી' એ દરેક ક્ષણોના
'આવર્તન',
'વારંવાર' મારા પ્રત્યેક 'શબ્દો' થકી
'પુનરાવર્તન' પામે છે...!!
ને મારી 'લાગણી'ઓ સાથે મળીને
'સ્નેહ મહોત્સવ' મનાવે છે!!
ચૈતાલી જોશી (અમદાવાદ)




હું છું હિસ્સો?
ગોધુલિનો હવે તો સમય થઈ ગયો
શું હું છું હવે આ સીમ નો હિસ્સો?
જાસા ચીઠ્ઠી મોકલે સમંદર કિનારા ને
શું હું છું હવે આ તરાપા નો હિસ્સો?
આંખોમાં છે અનરાધાર આંસુઓના
શું હું છું હવે કોઈ સીપનો હિસ્સો?
સાત સાત અધમોના ઉઝરડા તનમન પર
શું હું છું હવે આ માંડવાનો હિસ્સો?
'નીલ' તો જીવતે જીવત છે રાખનો ઢગલો
શું હું છું હવે કોઈ યજ્ઞ નો હિસ્સો?
નલિની રાવલ (વડોદરા)



ખીલું ખીલું
હતું ગીત કો અધૂરું ઘર સૂનું સૂનું,
બધું લાગતું હતું, જરા જૂનું જૂનું.
આજ દિલમાં ગાયે કોઈ ધીમું ધીમું,
હાસ હોઠે છુપાયે છાનું ધીરું ધીરું.
સખા સુખડ સુવાસે મન ભીનું ભીનું,
ઝરે ઝાકળ ઝીણેરી તેને ઝીલું ઝીલું.
ફરી હેતભરી હુંફમાં હું જીઉં જીઉં,
આસે મીઠો મધુર રસ પીઉં પીઉં.
મારે નેણે સમાય આભ નીલું નીલું,
સ્નેહ કોમળ કળી કહે ખીલું ખીલું.
સરયૂ પરીખ (ઑસ્ટીન અમેરિકા )



(ક્યાં જવું?)
પ્રીતના અંજામ લઈને ક્યાં જવું?
જિંદગી બદનામ લઇને કયાં જવું?
સમજે છે સૌ વેરની ભાષા અહીં,
પ્યારના પૈગામ લઇને કયાં જવું?
મુજ તબાહીમાં હતાં લોકો ઘણાં,
એક તારું નામ લઈને ક્યાં જવું?
સાથે લઉં જો હમસફર બે ચાર હો,
કિન્તુ આખું ગામ લઇને કયાં જવું?
થઈ ગયું બેતાબ જે દિલથી અલગ,
હોઠ પર એ નામ લઈને ક્યાં જવું?
હનીફ ખત્રી બેતાબ (જામનગર)



કાં તમે ઊભા છો ડેલીમાં હવે?
ફૂલ આવ્યા છે ચમેલીમાં હવે.
દ્વાર ભીડ્યાં છે છતાં પણ આવતા,
એ જ સપનાં છે હવેલીમાં હવે.
સર્વ રસ્તા છે , છતાં દેખાય ના,
લોક અટવાયું પહેલીમાં હવે.
માત્ર નિસાસો જ નાખ્યો આપણે,
ના કશું જોયું તપેલીમાં હવે.
લાગતો'તો ભાર જેને લાવતા,
ઊંચકી લાવ્યા એ થેલીમાં હવે.
- ઉમેશ જોશી (અમરેલી)

# ગરોળી ભગાડવાના નુસ્ખાઓ!!!

મહિલાઓને કંઈ બાબતની સખ્ત બીક લાગે છે તેની કોઈ પણ જાતના રેન્ડમ કે ડીટેઈલ્ડ સર્વે કર્યા સિવાય સર્વાનુમતે એક જ પ્રત્યુત્તર નિર્વિલ્પપણે ગરોળી, વાંદા જ હોય!! એક બાબત નોંધપાત્ર એ છે કે ગરોળી જુએ એટલે બેનોના મોતિયા મરી જાય. અવકાશયાત્રી સુનિતા વિલયમ્સ કે સ્પ્રિન્ટ કવિન પી. ટી. ઉષા

પેપ્સીની સીઈઓ ઈન્દ્રા નુયી કે અમેરિકન વાઈસ કે ઓવરવાઈઝ પ્રેસિડેન્ટ કમલા હેરિસ હોય વૃંદા કોતર હોય કે શેરી વાળીને સફ્ઞ કરવી શામલી હોય, મેરી કોમ કે મિતાલી રાજ હોય ગરોળીથી બીતી જ હોય.

ગરોળીને જુએ કે માતાજી આવ્યા હોય એમ મુખભાવળમાંથી ચિત્ર ખાસ કરીને વિચિત્ર અવાજોનું ઝરણ વહેવા માંડે. નાના ઝરણા એકત્ર થઈને નદી બને તેમ વધારે અવાજો નાઈગ્રા ફોલ્સનું સ્વરૂપ ધારણ કરે!! ઓઈ ઉઇ મા થી ચાલુ થઈને કકકો-બારાખડીના બધા સ્વર-વ્યંજનો(ખાવાની વાનગી નહી ભૂખડો) ઉપયોગ કરે. પગમાં સાપ ગુચળું વળીવીંટળાઈ ગયો હોય તેમ ભયથી થરથર પર્ણો જેમ પવનથી કાંપે તેમ ધ્રૂજવા માંડે!! આવા વખતે વાલા મૂઈને સેલ્ફી લેવાનું પણ ન સૂઝે, બોલો. શું બોલે? પત્ની હાજરીમાં જીભનો લવો કયાં વળે છે તે બોલીએ!!

ગરોળી નીકળી હોય તેમાં આપણે અને આપણી સિતોત્તેર પેઢી જ કેવળ જવાબદાર હોય તેવું ધરાર માને. ઠીંગણી કે લાંબી, જાડી કે પાતળી , કાળી કે ધોળી જે મોડેલ તમારા નસીબે, કમનસીબે કેસદનલીબે ઉપલબ્ધ હોય એ તમને ઝૂડી જ કાઢે. અલ્યા ભાઈ શાબ્દિક ધોલાઈની વાત કરૂં છું, શારીરિક નહી. કોઇ આંગળી તો અડાકડી જુએ. એની મજાલ છે કે આંગળી અડકાય. આખા હાથનો ઘુસ્સો બરડામાં જડી દે તો વાત અલગ છે.તમામ પિયરિયાને છોડીને એકલી રહેતી હેય તો દયા ખાઇને માફ કરવા જેટલું સ્ત્રી દાક્ષિણ્ય કે પૌર્વાત્ય દાખવવું પડે કે નહીતર મર્દ જાત પર થું થું થાય!!!

કાતિલ નજરે ગજવેલ લોઢા જેવી જીભ શરૂ થાય એટલે ખલ્લાસ! માસ્તરની વાણી તો શાળાનો ઘંટ વાગે કે પડી જાય એટલે ઘંટ સ્ફુરણાથી વિરામ લે, પણ આમની વાત થાય નહી!!સીધો મૌકા કે પર છક્કો લગાવે.

" તમારી માને કાઢો મને બીક લાગે છે.આમ ઠોયાની જેમ શું ઉભા છો? " મહામહિમા આદેશ કે અધ્યાદેશ જારી કરે."સ્ટોરરૂમમાંથી સાવરણી સઇને તમારી સગલીને કાઢો! "વાક્યે વાક્યે સંબંધના સમીકરણો બદલાય.

ગરોળી કાઢવી કે ચીટકું કે લપિયણ સાસુને આપણા ઘરમાંથી સિફતપૂર્વક તેના ઘર તરફ ધકેલવા જેવું ભગીરથ કામ છે. જમાઈના ઘરે ધૂણી રે ધખાવી તારા નામની ભજનની ટેકની જેમ ટેક લીધેલ સાસુને પરગૃહેથી સાસુગૃહે ધકેલવા જેવું નામુમકીન કામ છે!! સાસુના ધામા ને બાળકના ગાભાથી છૂટવું દુષ્કર છે.

તકલીફ એ છે કે



ગરોળી છત્રપત શિવાજીનું ગેરીલા કે ગોરીલા યુધ્ધ શીખી આવી હોય તેમ દિવાલ પર ભાગાભાગી દોડાદોડી કરે . આપણે સ્પાઈડર મેન કેમ નથી બનતા તેનો પસ્તાવો થાય!! તમે સાવરણી દિવાલ પર ઠપકારો એટલે ઓપન ચેલેન્જ દેતા હોય તેમ દિવાલ ઘડિયાળ પાછળ છુપાઇ જાય!! તમારી પ્રવૃતિ સાથે ગણતંત્ર દિવસની ઉજવણી જેવી રનિંગ કમ કનિંગ કોમેન્ટરી અસ્ખલિત ચાલું હોય?!

"આ ઘડિયાળના ઠોઠાને ધામધૂમથી એકવીસ તોપની સલામી સાથે વિદાય કરવા મારી લૂલી થાકી ગઇ ,પણ તમે કયા કંઈ સાંભળો છો મારુ?" ફરિયાદનો મારો ચાલુ થઈ જાય!!

" ઘડિયાળ પર સાવરણી મારો એટલે મારી શૌર્ય બહાર આવે" કટુતા જીભથી ટપકવા માંડે!

તમે સાવરણીથી ઘડિયાળ ઠપઠપાવો એટલે પાંચ મિનિટ લગી ગરોળીની અક્ષૌહીણી સેનામાં કોઈ સળવળાટ ન થાય પિન ડ્રોપ લાઇસન્સ! જેવા તમે ગાફેલ થાવ કે કમાન્ડર ગરોળી નવો મોરચો ખોલે!!

ઘડિયાળથી બહાર નીકળીને પ્રકાશવેગે ગણપતિના ફોટા પાછળ સંતાઈને જાણે તમને ચેલેન્જ કરે મને પકડવી ભગાડવી નામુમકિન છે. ખતરો કે ખુલાડીથી પણ કેટલાય ગણી હોરિબલ, ટેરિબલ અને ડેન્જરસ છે!!

આ ઉપક્રમમાં -આપણી ડોળા ન કાઢો મારી નિષ્ફળતાના છાજિયા લેવાનો ક્રમ, ઉપક્રમ યથાવત્ હોય. ઝલક માણો.

જીંદગીમાં શું કાંદા કાઢ્યા છે? એક ગરોળી કાઢી શકતા નથી . તમારામાં કોઈ વેતો જ બળ્યો નથી!! પગાર સિવાય બીજેથી રૂપિયા ઉસેડવાના પણ માએ શીખવ્યું નથી. આપણી બાજુવાળા નાવડીયાને જુઓ રોજ બ્રિફકેસ ભરીને રૂપિયા લઈ આવે છે, સાવ નકામા છો. મારી લાઇફ સ્પોઇલ કરી દીધી વગેરેવગેરે .એઝ યુઝવલ મન કી બાત!!સાહેબ રવિવારે મન કી બાત બોલે. આમનો પ્રસારણ સમય નકકી જ નહીત્ર.ઘણી વાર લેઇટનાઇટ મુવીની જેમ વિધાઉટ એનાઉન્સમેન્ટ સીધું લાઇલ ટેલિકાસ્ટ ઓન એર હોય!! આ ગાથા આટલા માટે કરી કે આપણને ગરોળી સામે સ્ટ્રેટ્જિક વ્યુહરચના માટે સમય મળી જાય. આપણી પાસે પૂરતા સ્પાઈડરમેન હોય તો શાલેના અંગ્રેજના જમાનાના જેલર અસરાનીની જેમ આધે ઉધર જાવ, આધે ઈધર જાવ ઔર બાકી મેરે સાથ ચલો જેવો ઘનચક્કર આદેશ કરી શકીએ.આપણે શકતિકપૂર નથી કે ગરોળી સામે ચોક્કસ ભગિની કરી બે હાથની આંગળીઓ સામ સામે ભટકાડતાં મૈં તોટાસા નન્હાતા બચ્ચા હું કહીને ગરોળી સામે દયાની અરજ ગુજારીએ!! સારા શહેર મુઝે લોયન કે નામ સે જીવતા હૈ! જેવું અદિતિની સ્ટાઈલમાં ગરોળીને કહી શકીએ અને ગરોળી નૌદો ગ્યારહ કરી જાય અને ટાઢા પાણીએ કોરોના જાય!!

પેલી લોહીપીણી -અરે ભાઇ મનચાહ્યો અર્થ ન કાઢો પ્લીઈઈઈઝ. હું ગરોળીની વાત કરૂં છું, ઘરવાળીની નહી!! પેલી ગણપતિના ફોટા ખાતેથી ટયુબલાઇટ તરફ જઉં રહી હોય આપણે ટ્યુબલાઈટ પર સાવરણી ઝીંકીએ અને વાદળો જેવો ગગનભેદી નારો સંભળાય અને ટયુબલાઇટ ગૂરૂત્વાકર્ષણના નિયમને અધિન થાય. ટ્યુબલાઈટની સફેદ ઝીણી ઝીણી કરતો સોફા પર , ટાઈલ્સ પર , સોફાના કુશન પર, ટીપોઈ પર વેરાઈ જાય!! કોઈ કરતબકાર ચકાચોંધ લાઇટો વચ્ચે સ્ટેજમાં ટ્યુબલાઇટની સ્ટીક તેનાશરીર પર પછાડીને તોડ તેવો માહોલ થઈ જાય.!! નાટકમાં તો નાટક પૂરૂં થાય કે અંક પૂરો થાય એટલે પડદે પાડી શકાય છે. ગરોળી ભગાડવાના પ્રહસનમાં પડદો પડતો નથી પણ લોકસભાના તોફાની ફ્લોરમાં તબદિલ થાય છે. જયાં આક્ષેપ પ્રતિઆક્ષેપ કાગળની ફાડાફાડી શારીરિક હુમલાઓના આઘાતજનક દ્રશ્યો ભજવ્યા છે . છેવટે સભાગૃહ મોકુફીનો નિર્ણય. ટ્યુબલાઇટ કે ફોલ્સ સિલિંગમાં સંતાયેલી ગરોળી વિશ્વ વિજેતા અદામાં સિકંદરની અદામાં સમરાંગણ છોડે છે નાસીપાસ થયેલા ગોરધન- ન સમજ્યા- યાર તમે પોતે- ટ્યુબલાઇટના તૂટેલા કાચ સાવરણીની મદદથી સુપડીમાં તૂટેલા અરમાનોની જેમ અંધારામાં એકત્ર કરે છે. અંધારું પડદાનું કામ કરે છે!!!!!

ભરત વૈષ્ણવ

## માતા-પિતા અને દીકરાએ મળી કરી એક યુવકની હત્યા, લીધો પોતાના પુત્રની હત્યાનો બદલો

અમદાવાદ,તા.૩

અમરાઈવાડીમાં દીકરાના મોતનો બદલો લેવા માત-પિતા અને ભાઈએ મળીને એક યુવકની જાહેરમાં હત્યા કરી છે. આ ઘટના ઝઝ્રફ કેમેરામાં કેદ થઈ હતી. પોલીસે માતા-પિતા અને ભાઈ સહિત ચાર આરોપીની ધરપકડ કરી છે.

હત્યા કેસમાં પોલીસે ધરપકડ કરાયેલા આરોપી મિલન સોલંકી, પરેશ વણકર, નટુભાઈ સોલંકી અને લક્ષ્મીબેન સોલંકી છે. આ ચારેયે મળીને એક યુવકની જાહેરાતમાં હત્યા કરી છે. ઘટના એવી છે કે ડિસેમ્બર માસમાં અમરાઈવાડી વિસ્તારમાં મૃતક નવલેશના ભાઈ ગીરીરાજ ઉર્ફે ગોપીએ આરોપીના પુત્ર કિરણ સોંલકીની હત્યા કરી હતી. ગેસ સિલિન્ડરને લઈને થયેલા ઝઘડામાં પુત્રની થયેલી હત્યાનો બદલો લેવા માતા-પિતા અને ભાઈએ ષડયંત્ર રચ્યું હતું, અને દીકરાના હત્યારાનો ભાઈ નવલેશ ઘર નજીકથી પસાર થતો હતો ત્યારે છરીના ઘા ઝીકીને હત્યા કરી હતી. આ ઘટનાના ઝઝ્રફ સામે આવ્યા છે.

મૃતક નવલેશ પરમાર શાકભાજીનો ધંધો કરે છે. તેના ભાઈ ગિરિરાજ ઉર્ફે ગોપી હત્યા કેસમાં સેન્ટ્રલ જેલમાં છે.

**નગર**
**તેજના વેઠિયાઓનુ નગર છે,**
**એવા આગિયાનું નગર છે?**
**વફાને બદલે બેવફાઇ કર છે,**
**એવા સનમિયાનું નગર છે.**
**પાપના રૂપિયે જલ્સા કરે**
**એવા અભાગિયાનું નગર છે?**
**પોકેપોકે ચોધાર આંસુએ રડે,**
**એવા વિલાપિયાનું નગર છે!!**
**સાપની કાંચળી જેમ ઉતારે,**
**એવા ત્યાગિયાનું નગર છે!**
**મધપુડો જોઇને લાળ પાડે,**
**એવા? અકરાંતિયાનું નગર છે!**
**ભરત વૈષ્ણવ**
**૨.૭.૨૦૨૨.**

## નવ નિર્માણ જનતા પાર્ટી ની કારોબારી મિટીંગ ભરત ઠાકુર ના અદયક્ષ સ્થાને અમદાવાદ ખાતે યોજાઇ

નયુઝ ઓફ ગાંધીનગર,

ગાંધીનગર, ૨૯ જુન ના રોજ નવ નિર્માણ જનતા પાર્ટી ની કારોબારી મિટીંગ ભરત ઠાકુર ના અદયક્ષ સ્થાને અમદાવાદ ખાતે યોજાઇ હતી જેમાં આગામી વિધાનસભાની ચુંટણી અંગેની રણનીતિ ગઢવાની ચર્ચા વિચારણા કરવામાં આવી તેમજ અન્ય પાર્ટી માં વિલિનીકરણ અથવા સીટો ની વહેચણી બાબતે ચર્ચા વિચારણા કરવા માટે ના તમામ અધિકાર ભરત ઠાકુર ને આપવામાં આવેલ છે. વધુ માં કારોબારી મિટીંગ માં કોઈપણ રીતે આમ આદમી ને ગુજરાત માં રોકવા તેમજ દિલ્હીની પાણીની સમસ્યા, મહોલ્લા કલીનીક કીરારી માં કાગળ ઉપર બતાવેલી ૪૭૫ બેડની હોસ્પિટલ વગેરે બાબત પ્રજા સમક્ષ લઈ જવા કાર્યકરો ને માર્ગદર્શન આપવા નો નિર્ણય કરવામાં આવેલ છે વધુમાં અન્ય પાર્ટી સાથે વાત ચાલી રહી છે. તે મુજબ નવ નિર્માણ જનતા પાર્ટી નું વિલિનીકરણ થાય તો નવ નિર્માણ જનતા પાર્ટી ના તમામ નેતાઓ અને પાર્ટી ના અદયક્ષ ભરત ઠાકુર સાથે જોડાયેલા બેંકરો ટ્રેડ યુનિયન ના રાજય ના લીડરો નેશનલ લેવલે લીડરો જોડાવા તૈયાર છે. દશ લાખ બેંક કર્મચારી અધિકારી ના પરિવાર સીધા જોડાશે જેમના ૩૦ લાખ વોટ રાજય અને રાષ્ટ્રીય લેવલે ખુબજ મહત્વની ભૂમિકા અદા કરશે કોલકત્તા ખાતેની બેંકરો ની કોનફરન્સ માં નવ નિમાણ જનતા પક્ષ ના અદયક્ષ અને અરેબિયા ના ઉપ પ્રમુખ તેમજ ગુજરાત રાજય ના અરેબિયા ના પ્રદેશ અદયક્ષ ભરત ઠાકુર ને આ જવાબદારી સોપવામાં આવી છે.

દલસુખ દઢાણીયા , પ્રવક્તા, નવ નિમાણ જનતા પક્ષ

## કોંગ્રેસ પાર્ટીએ વારંવાર ગુજરાતની જનતા સાથે દગો કર્યો છે: અરવિંદ કેજરીવાલ

તારીખ: ૦૩/૦૭/૨૦૨૨

આમ આદમી પાર્ટીના ૬૯૮૮ થી વધારે કાર્યકર્તાઓએ અરવિંદ કેજરીવાલની હાજરીમાં દેશસેવા માટે શપથ લીધી

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે અમદાવાદમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓને સંબોધન કર્યું

આમ આદમી પાર્ટીની સરકાર જો દિલ્હી અને પંજાબમાં મફત વીજળી આપી શકે છે તો ગુજરાતમાં કેમ નહિ?: અરવિંદ કેજરીવાલ

આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ મહાત્મા ગાંધી અને સરદાર પટેલના સપનાનું ગુજરાત બનાવવાની શપથ લેશે: અરવિંદ કેજરીવાલ

આમ આદમી પાર્ટી પાસે કોંગ્રેસ કરતાં પણ મોટું સંગઠન છે અને આવતા મહિને ભાજપ કરતાં પણ મોટું સંગઠન બની જશે: અરવિંદ કેજરીવાલ

ભાજપાને અપક્ષ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ થી ડર લાગી રહ્યો છે: અરવિંદ કેજરીવાલ

ભાજપના કાર્યકર્તા ભાજપ પાસેથી પૈસા લઈને ચૂંટણીમાં આમ આદમી પાર્ટી માટે કામ કરશે: અરવિંદ કેજરીવાલ

આવનારી ચૂંટણીમાં કોંગ્રેસને મત નહિ મળે: અરવિંદ કેજરીવાલ

ભાજપના પ્રતિનિધિમંડળને દિલ્હીમાં આમ આદમી પાર્ટી ના કામો માં કોઈપણ ખામી ન મળી: અરવિંદ કેજરીવાલ

કોંગ્રેસ પાર્ટી ગુજરાતમાં ફક્ત કાગળ પર રહી ગઈ છે અને ભાજપ ફક્ત આમ આદમી પાર્ટીને રોકવામાં વ્યસ્ત છે: અરવિંદ કેજરીવાલ

ભાજપ પાસે કોઈ પેજ પ્રમુખ સંગઠન નથી, આ ફક્ત એક જૂઠાણું છે: સંદીપ પાઠક

ભાજપ ની લાઠિયો સામે લડવા માટે 'આપ' પાસે ફક્ત ઈમાનદારી નું હથિયાર છે: ગુલાબસિંહ યાદવ

ભાજપ ના નેતા 'આપ' થી એટલા ડરી ગયા છે કે તેમના સપનામાં હવે આમ આદમી પાર્ટી આવે છે: ઈસુદાન ગઢવી

'આપ'ના બધા કાર્યકરો એ કટ્ટર ઈમાનદાર અને દેશભક્ત વ્યક્તિ બનવાનું છે: ગોપાલ ઈટાલિયા

'આમ આદમી પાર્ટી એ ક્યારેય હાર માની નથી અને તે ક્યારેય માનશે પણ નહિ: ઈન્દ્રનીલ રાજ્યગુરુ







અમદાવાદ એનસીસી અને સાબરમતી રિવરફ્રન્ટ કોર્પોરેશન લિમિટેડના દ્વારા અમદાવાદ રિવરફ્રન્ટ પર વૃક્ષારોપણ આયોજન કરવામાં આવ્યું





ગઈકાલે આપ પાર્ટીના સર્વસ્વ એવા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જી અમદાવાદ ખાતે આવીને ભરચક જનમેદની વચ્ચે ભાજપ શાશન ને લલકારી આપના કાર્યકરો ને સેવા કર્યો ના શપથ લેવડાવ્યા હતા.

## ભગવાન જગન્નાથજીની યોજાયેલ રથયાત્રાની સમિક્ષા બાબત પોલીસ વિભાગ સાથે ડીબ્રિફિંગ બેઠક યોજતા ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી

અમદાવાદ

અમદાવાદ પોલીસ કમિશ્નરશ્રીની હાજરીમાં કોન્સ્ટેબલ સહીત તમામ ટીમો રહી હાજર.

નાની નાની મુશ્કેલીઓના સમાધાન થકી જ મોટી સફળતાઓ મેળવી શકાય છે: ગૃહમંત્રી હર્ષ સંઘવીપોલીસ ટીમને પ્રોત્સાહિત કરવાની સાથે ૪:૩૦ કલાક લાંબી ચાલેલી બેઠકમાં તમામ પસાઓ વિષે ચર્ચા કરવામાં આવી.



યુધ્ધમાં જ્યારે સેના દ્વારા કોઈ મિશન પુરુ કરવામાં આવે છે ત્યાર બાદ ડીબ્રિફિંગ બેઠક યોજવામાં આવે છે. જેમાં મિશન દરમ્યાન થયેલ સારા-ખરાબ અનુભવો વિષે, આવેલી મુશ્કેલીઓ વિષે અને ભવિષ્યમાં આ પ્રકરના મિશન માટે ધ્યાનમાં રાખવાની બાબતો વિષે ખુલીને ચર્ચા કરવામાં આવે છે. અમદાવાદ શહેરમાં યોજાયેલ અષાઢી બીજની ભગવાન ભગન્નાથજીની રથયાત્રા કોઈ યુધ્ધ મિશન કરતા સહેજ પણ સરળ નથી હોતી. શ્રેષ્ઠ આયોજન, આધુનિક ઉપકરણો દ્વારા સમગ્ર રથયાત્રાની સુરક્ષા વ્યવસ્થા અને પોલીસ તથા અન્ય ટુકડીઓના જવાનોની અથાક મહેનતના પરિણામે શાંતિ પૂર્વક આ રથયાત્રા પરિપુર્ણ થવા બદલ તમામ સુરક્ષા એજન્સીઓને પ્રોત્સાહિત કરવા અને સમગ્ર વ્યવસ્થાની સમિક્ષા કરવા ડીબ્રિફિંગ બેઠક પોલીસ કક્મિશ્નર અમદાવાદ અને રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં જગન્નાથ હોલ ખાતે યોજાઈ હતી. રાજયભરમાંથી લાખોની સંખ્યામાં ભાવિકો અને શ્રધ્ધાળુઓ આ રથયાત્રામાં ભાવપૂર્વક જોડાતા હોય છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને અમદાવાદની આસ્થાનું પ્રતિક એવી જગન્નાથ યાત્રા સુખ અને શાંતિથી તેમજ કોમી એખલાસના વાતાવરણમાં સંપન્ન થઈ હતી. યાત્રા પુર્વે અમદાવાદ પોલીસ દ્વારા માત્ર સુરક્ષા વ્યવસ્થા જ નહી પરંતુ વિવિધ ધર્મના આગેવાનો સાથે અગ્રીમ બેઠકો યોજી આ રથયાત્રાને કોમી એકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ બનાવી આપી હતી. સુરક્ષા તેમજ વ્યવસ્થાની બાબતમાં મેનેજમેન્ટ એજન્સીઓ માટે કેસ સ્ટડી બની શકે તેવું આયોજન થયું હતું. સફળતા પૂર્વક રથયાત્રાના આયોજન બાદ ગૃહરાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ડીબ્રિફિંગ બેઠક જગન્નાથ હોલ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં શ્રી હર્ષ સંઘવી એ તમામ પોલીસ અધિકારી અને કર્મચારીઓને અભિનંદન પાઠવી તેમનું મનોબળ વધાર્યુ હતું. પોલીસ કર્મીઓને પણ આ યાત્રાની વ્યવસ્થા દરમ્યાન થયેલ સારા ખરબ અનુભવોની પણ વાત થઈ હતી. આ દરમ્યાન ગૃહમંત્રી એ જણાવ્યું હતું કે નાની નાની મુશ્કેલીઓનું કુનેહ પૂર્વક સમાધાન કરીને જ મોટા પડાવો પાર કરી શકાય છે. પોલીસ દ્વારા થયેલા કોમી એખલાસ જાળવવાના પ્રાયસોને પણ શ્રી સંઘવી એ બિરદાવ્યા હતા. આ રીતે અનેક રાતોના ઉજાગરા, માઈક્રો પ્લાનીંગ અને ટોપ ટુ બોટમ મેનેજમેન્ટના સુંદર અને અદ્વિતીય સંકલન દ્વારા રથયાત્રાના આયોજનને સફળ બનાવી શકાયું હતું તેવું આ બેઠક દ્વારા ફલિત થયું હતું. લગભગ ૪:૩૦ કલાક ચાલેલી આ બેઠક દરમ્યાન પોલીસ કમિશ્નરશ્રી, ગૃહમંત્રીશ્રી અને તમામ કર્મચારીઓ એ પોતાના અનુભવો અને વિચારોનું આદન પ્રદાન કર્યું હતું તેમજ આગામી આવા આયોજનો માટે વધુ સારી રીતે કેવું પ્લાનીંગ કરી શકાય તે વિષે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## ડાંગ જિલ્લામા મુશળધાર વરસાદ

### છેલ્લા ચોવીસ કલાકમા નોંધાયો સરેરાશ ૪૨.૨૫ મી.મી. વરસાદ

આહવા: તા: ૨: આજે સવારે છ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન, ડાંગ જિલ્લામા સરેરાશ ૪૨.૨૫ મી.મી. વરસાદ નોંધાવા પામ્યો છે.



જિલ્લા ફલડ કંટ્રોલ કક્ષ તરફથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, આહવા તાલુકામા ચોવીસ કલાક દરમિયાન ૩૦ મી.મી. (મોસમનો કુલ વરસાદ ૨૫૦ મી.મી.), વઘઈનો ૪૮ મી.મી. (કુલ ૨૨૯ મી.મી.), સુબિર તાલુકાનો ૬૦ મી.મી. (કુલ ૩૧૦ મી.મી.), અને સાપુતારા પંથકનો છેલ્લા ચોવીસ કલાકનો ૩૧ મી.મી. (મોસમનો કુલ ૧૯૬ મી.મી.) મળી જિલ્લામા કુલ ૧૬૯ મી.મી. વરસાદ નોંધાતા, અહીં સરેરાશ ૪૨.૨૫ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે ડાંગ જિલ્લાનો ચાલુ વર્ષનો કુલ વરસાદ ૯૮૫ મી.મી. એટલે કે સરેરાશ ૨૪૬.૨૫ મી.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે.જિલ્લામા સાર્વત્રિક વરસાદને પગલે અહીંના ખેડૂતો તેમના ખેતી કામમા જોતરાઈ ગયા છે. તો અહીંના નદી, નાળા, કોતરો, અને ઝરણાઓમા પણ નવા નીર જોવા મળી રહ્યા છે.ચોમાસુ જામતા સહ્યાદ્રિની ગિરિમાળાની સમગ્ર વન્ય સૃષ્ટિ ખીલી ઉઠી છે. ચારેકોર હરિયાળી, ધુમ્મસ, વાદળો, ડુંગરો ઉપરથી નીચે ખીણમા ખાબકતા અનેક નાના મોટા જળધોધ પુનઃ જીવંત થયા છે.

પ્રકૃતિના આ અણમોલ નજારાને માણવા, અને ડાંગની સુંદરતાને મનભરીને જોવા માટે, પ્રકૃતિપ્રેમી પ્રવાસીઓના ટોળેટોળા ડાંગ તરફ આવી રહ્યા છે. ત્યારે અહીં કોઈ અનિચ્છનિય બનાવ ન બને, અને જાહેર માર્ગો ઉપર યાતાયાત નિર્વિઘ્ને ચાલુ રહે તે માટે સ્થાનિક પોલીસ તંત્ર જહેમત ઉઠાવી રહ્યુ છે.

જિલ્લા કલેકટર શ્રી ભાવિન પંડ્યાએ પણ પર્યટકોને, વન વિસ્તારમા નદી, નાળા, જળધોધ પાસે જોખમી રીતે સેલ્ફી અને ફોટોગ્રાફી ન કરવાની અપીલ કરવા સાથે, જાહેર માર્ગો ઉપર આડેધડ વાહનો પાર્ક નહિ કરવાની તાકીદ કરી છે.

નરેન્દ્ર પવાર, ડાંગ

## વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગની કાર્ય શિબિરનું આયોજન રાખેલ



નડિયાદ,

વિશ્વના ૧૨૫થી વધુ દેશમાં ૩૩વર્ષથી કાર્યરત એવી વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગની કાર્ય શિબિરનું આયોજન નડિયાદમાં રાખેલ હતી જેમાં વિશ્વ ગુજરાતી સમાજના આદરણીય પ્રમુખ સી. કે. પટેલ અને આંતરરાષ્ટ્રીય કન્વીનર પૌરસ પટેલની અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આજે વિશ્વમાં વસતા ગુજરાતીઓને નાત જાતના વડા મૂકી સામાજિક સમસ્યા ના ઉકેલ લાવવા એક જૂથ થવા આહવાન કર્યું હતું.

આજે વિશ્વ ગુજરાતી સમાજમાં આજે પ્રકાશભાઈ વરમોરા, વરમોરા ગ્રુપ સાથે સાથે શામલભાઈ પટેલ, અમુલ ફેડરેશન ના ચેરમેન, શંકર સિંહ રાણા, ચેરમેન મધુર ડેરી, સાગર પટેલ, ગાયક કલાકાર, સૌમિલ પુરોહિત, જીંય ગ્રુપના પૂર્વીન પટેલ, ડૉ. રાજેન્દ્ર પંડ્યા, આરીફ મીર,સંજય પ્રજાપતિ,જેવા લોકો આજે વિશ્વ ગુજરાતી સમાજમાં જોડાયા હતા. અને આ સમયે પ્રમુખ સી.કે.પટેલ સાહેબે જણાવ્યું હતું કે ગુજરાતીનો ડંકો દેશ અને વિદેશમાં વાગ્યો છે. અને હજુ વધુ મજબૂત બને તે માટે આજના યુવાનોને આગળ આવી દેશ સેવામાં જંપલાવ અને ભારત દેશ વિશ્વ ગુરુ બને તે માટે વિશ્વમાં વસતા દરેક ગુજરાતીને આહવાન કર્યું અને વિશ્વ ગુજરાતી સમાજ ભારત માતા વિશ્વ ગુરુ બને તે માટે ગુજરાતીને યોગદાન આપવા જણાવ્યું હતું.

ત્યારબાદ વિશ્વ ગુજરાતી સમાજના સભ્યો ડાકોર મંદિરમાં કાળીયા ઠાકોરને ધ્વજા ચડાવી અને ગુજરાત અને ભારત નું નામ વિશ્વમાં રોશન થાય તેવી પ્રાર્થના કરી હતી.

નડિયાદ

વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ કાર્યશિબિર

પ્રમુખ સી. કે. પટેલની અધ્યક્ષતામાં કાર્યશિબિર યોજાઈ.

ભારત વિશ્વ ગુરુ બને તે માટે સંકલ્પ લેવા જણાવ્યું

ગુજરાતની જાણીતી હસ્તીઓ ફજ્જી માં જોડાઈ .

## ડાંગ જિલ્લામાં યોજાશે 'ભરતી મેળો'

આહવા: તા: ૩ : ડાંગ જિલ્લાના રોજગાર વાંચ્છુ યુવક/યુવતિઓને ખાનગી ક્ષેત્રોમા નોકરીની તકો ઉપલબ્ધ કરવી શકાય તે માટે, જિલ્લા રોજગાર કચેરી દ્વારા જુલાઈ, ૨૦૨૨ માસ દરમિયાન શ્રેણીબદ્ધ 'ભરતી મેળા' નુ આયોજન કરાયુ છે.

રાજયના શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માર્ગદર્શન હેઠળ આયોજિત આ 'ભરતી મેળા' મા વિવિધ ક્ષેત્રના નોકરી દાતાઓ ઉપસ્થિત રહી ઉમેદવારીની પસંદગી કરશે, જેમા જિલ્લાના ધોરણ : ૮, ૧૦, ૧૨ પાસ/નાપાસ ઉમેદવારો સહિત સ્નાતક કે ITI પાસ ઉમેદવારને મોટી સંખ્યામા ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

'ભરતી મેળા' ના નિયત કાર્યક્રમ અનુસાર તા. ૫ અને ૨૧ જુલાઈના રોજ સુબિર સ્થિત ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે, તા. ૭, ૧૪, ૧૯, ૨૬, અને ૨૮ જુલાઇના રોજ આહવા સ્થિત જિલ્લા રોજગાર કચેરી ખાતે, અને તા. ૧૨ જુલાઈના રોજ વઘઈ સ્થિત ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે, ઈચ્છુક ઉમેદવારોને ઉપસ્થિત રહેવા જણાવાયુ છે. આ અંગેની વધુ માહિતી કે માર્ગદર્શન માટે ટેલીફોન નંબર : ૬૩૫૭ ૩૯૦ ૩૯૦ ઉપર સંપર્ક સાધવા પણ અનુરોધ કરાયો છે.

નરેન્દ્ર પવાર, ડાંગ

## જામનગરમાં ૧૩ વર્ષનો ટેણિયો પોલીસ હેડ ક્વાર્ટરમાંથી દારૂ ચોરી ગયો

જામનગર,તા.૩

જામનગર પોલીસ માટે શરમજનક ઘટના સામે આવી છે. પોલીસે જપ્ત કરેલ દારૂના મુદ્દામાલની ચોરી થઈ છે. જામનગર પોલીસ હેડક્વાર્ટરમાંથી વિદેશી દારૂની ૩૧૭ બોટલ અને ૭ નંગ બિયરની ચોરી થઈ. એ પણ ૧૩ વર્ષના ટેણિયાએ દારૂના જથ્થાની ચોરી કરી પોલીસને પડકાર ફેંક્યો છે.

આજે જામનગર પોલીસ માટે ફરી એક શરમજનક ઘટના સામે આવી છે. જેમાં પોલીસ હેડક્વાર્ટર ખાતે મુદ્દામાલ રૂમમાંથી અંગ્રેજી દારૂની ૩૧૭ બોટલ અને ૭ નંગ બિયરની ચોરી થઈ છે. પોલીસે ખુદ ફરિયાદી બની ૧૩ વર્ષના એક કિશોર સામે ફરિયાદ નોંધાવી છે.

## ફોટો ગેલેરી





હત્યારો રિયાઝ અત્તારી ભાજપ નેતાની સાથે સબંધ ધરાવે છે




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.